સુવિચાર
''શિક્ષકે જીવ આપવાનો નથી, જીવ રેડવાનો છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૬/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ વદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૫૩

### અવારનવાર લુખ્ખા તત્વો ઉપાડો લેતા હોય નગરસેવિકાની રજૂઆત

# અમરેલીનાં ચક્કરગઢ માર્ગ ઉપર લુખ્ખાગીરીથી શહેરીજનોમાં રોષ

**સંકુલ પોલીસ ચોકીમાં ક્યારેય કોઈ પોલીસકર્મી જ ન હોવાનું પણ બહાર આવ્યું**

**હજારો વિદ્યાર્થીનીઓની અવરજવર હોવાથી લુખ્ખા તત્વો ચેનચાળા કરતાં હોવાનું પણ જણાવાયું**

**સંકુલ પોલીસ ચોકીમાં રાઉન્ડ ધ ક્લોક પોલીસ સ્ટાફ મુકવા પણ માંગ કરાઈ**

**સત્તા પક્ષનાં નગરસેવિકા કોમલબેન રામાણીએ કડક કાર્યવાહીની કરી માંગ**







અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે લુખ્ખા તત્વોએ જાહેરમાં આતંક મચાવતા અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. શહેરની સૌથી મોટી ગર્લ્સ સ્કૂલ નજીક બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. બરફ ગોળાની લારી પર પહોંચી કેટલાક શખ્સોએ ધમાલ મચાવી તોડફોડ કરતાં સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ગઈકાલે મોડી રાત્રે અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલી બરફ ગોળાની લારી પાસે ૨ થી ૩ શખ્સો પહોંચ્યા હતા અને કોઈ કારણસર ઉશ્કેરાઈ જઈ લારી પર રાખેલી કાચની બરણીઓ ફોડી નાખી હતી. અચાનક બનેલી ઘટનાને કારણે આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા.

સ્થાનિક લોકોએ હિંમત દાખવી તોડફોડ મચાવનારા શખ્સોને કાબૂમાં લઈ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસ સ્થળ પર પહોંચી આ લુખ્ખા તત્વોને પોતાના કબજામાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

### ૩ વ્યકિતએ આત્મહત્યા કરી ને એકનું અકસ્માતે મોત

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૪ બનાવો પોલીસ દફતરે નોંધાયા

**જિલ્લામાં આત્મહત્યા અને અપમૃત્યુનાં બનાવોમાં વધારો**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન બે યુવક તથા બે આધેડ સહિત ચાર વ્યકિતઓના કોઈ અલગ અલગ કારણોસર મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીના હનુમાનપરા રોડ ઉપર આવેલ ગોકુલ ગાર્ડન નંબર–૨ માં રહેતા દિપકભાઈ દામજીભાઈ દુહેરા નામના ૫૪ વર્ષીય આધેડે ગત તા. ૧૦ના રોજ બપોરના ૩ વાગ્યે અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ ડીડીઓને પત્ર પાઠવ્યો

## અમરેલીની તાલુકા પંચાયતમાં નિયમ વિરૂધ્ધ ધમધમતાં એરકંડીશન દુર કરવા રજુઆત

**જનતા જનાર્દનનાં પરસેવાનાં નાણાંનો દુરૂપયોગ અટકાવો**

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકા પંચાયત કચેરીના ઓફીસમાં એરકન્ડીશન લગાવવામાં આવેલ છે. જે અંતગર્ત ગત તારીખ ૩/૬/૨૦૨૬ની સામાન્ય સભામાં એરકંડીશન સરકારના વખતો વખતના પરિપત્રો અને સામાન્ય વહીવટ વિભાગના ઓફીસ લગત સુવિધા બાબતના નિયમોને અનુસરી અમરેલી તાલુકા પંચાયત દ્વારા ખરીદી લગાવવામાં આવેલ છે કે કેમ જેના તાલુકા વિકાસ અધિકારી અને પ્રમુખ તાલુકા પંચાયત દ્વારા તેઓની સહીથી આપવામાં આવેલ જવાબમાં વિકાસ કમિશ્નર ગુજરાત રાજય–ગાંધીનગર તારીખ ૪/૧/૨૦૨૦ના પરિપત્ર મુજબ એસી

અનુસંધાન પાના ૬ ઉપર

### ધોળે દિ'એ સરાજાહેર લાખોની મતાની ચોરીથી વેપારીઓમાં ચકચાર

## હે રામ : અમરેલીમાં ગ્રાહકનાં સ્વાંગમાં આવેલી બે અજાણી મહિલાઓએ રૂપિયા ૩.૩૫ લાખની સોનાની બંગડી ચોરી લીધી

**પંજાબ બેન્ક નજીક આવેલ ''ચિંતન જવેલર્સ''નાં સંચાલકની ચિંતા વધી**

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં આવેલ એક જવેલર્સની દુકાનમાં ગ્રાહક બની આવેલી બે અજાણી મહિલાઓએ રૂપિયા ૩.૩૫ લાખની કિંમતનો સોનાની બંગડીનો સેટ ચોરી કરી ફરાર થઈ જતા વેપારી વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે. ધોળા દિવસે જાહેરમાં લાખોની મત્તાની ચોરી થતા સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે.

આ અંગે અમરેલીના ચિતલ રોડ પર આવેલી ગણેશ સોસાયટીમાં રહેતા વેપારી હાર્દિકભાઈ સુરેશભાઈ કાત્રોડીયાએ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ગત તા. ૩ જૂનના રોજ બપોરના સમયે અમરેલીના ટાવર રોડ ઉપર આવેલ પંજાબ નેશનલ બેંક સામે આવેલી ચિંતન જવેલર્સ નામની જવેલર્સ નામની દુકાનમાં ગત તા. ૩ના રોજ બપોરે ૧૨ વાગ્યા આસપાસ બે અજાણી મહિલાઓ ગ્રાહક તરીકે દુકાનમાં આવી હતી.

દરમિયાન દુકાનમાં હાજર વ્યકિતનું ધ્યાન ચુકવી આ બે મહિલાઓએ સોનાની બંગડીઓના આઠથી નવ સેટમાંથી એક સોનાની બંગડીનો સેટ ચોરી લીધો હતો. ચોરી થયેલા સેટનું વજન ૨૧.૦૮૦ ગ્રામ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસ.ટી.નાં અધિકારીએ કરી લાલ આંખ

## ઉના : એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર અને હેડ મીકેનીક વચ્ચે માથાકૂટ થતાં ડ્રાઈવર સસ્પેન્ડ

**જાહેરમાં અણછાજતું વર્તન બદલ ફરજ મોકુફ કરાયા**

અમરેલી, તા. ૧૧

અમરેલી એસ.ટી. વિભાગમાંઆવતાંઉનાએસ.ટી.ડેપોમાં ગત તા. ૫ જૂનનાં રોજ ડ્રાઈવર રમેશભાઈ વાઘમશી અને કોડીનાર ડેપોના હેડ મીકેનીક હસમુખભાઈ ગોંડલીયાવચ્ચેમાથાકૂટથતાંવિભાગીય અધિકારીએડ્રાઈવરનેફરજમોકુફકરી દીધાનુંજાણવામળેલછે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૪/૦૬/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૫
ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ, લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત — તા. ૧૨/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦
ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો સર્જન, બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત — તા. ૧૨/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬
ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૧૨/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. ડેનિશ સાવલીયા — નેફ્રોલોજીસ્ટ, કિડનીના રોગોના નિષ્ણાંત — તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
ડો. મનિષ પડણી — ન્યુરો ફીજીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત — તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૫૯૦૩ ૯૧૫૯૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૩૩૦

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ — જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,33,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

## ૨૭૭ આરોગ્ય મંદિર કાર્યરત થતાં છેવાડાનાં ગામડાઓ સુધી આરોગ્ય સેવાની પહોંચ

# અમરેલી જિલ્લામાં ૭.૩૧ લાખથી વધુ નાગરિકોને આયુષ્યમાન કાર્ડનું વિતરણ

**જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩ લાખથી વધુ નાગરિકોની ABHA હેઠળ નોંધણી સંપન્ન**

**કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી પહેલ જોવા મળી**

**ગંભીર બીમારીઓ, સર્જરી માટે હવે જરૂરિયાતમંદોને આર્થિક ચિંતા કરવી પડતી નથી**

**'સ્વસ્થ ભારત'ના વિઝનને સાકાર કરવા માટે અમરેલી જિલ્લો પણ યોગદાન આપી રહ્યો છે**



અમરેલી, તા. ૧૧

'સ્વસ્થ નાગરિક એ સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે.' આ વિચારને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ ક્રાંતિકારી પહેલો અમલી બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ આરોગ્ય સેવાઓને વધુ સુલભ, ગુણવત્તાયુકત અને ટેકનોલોજી આધારિત બનાવવા માટે અનેક યોજનાઓનો લાભ આજે દેશના કરોડો નાગરિકો સુધી પહોંચી રહ્યો છે. અમરેલી જિલ્લો પણ આ આરોગ્ય પરિવર્તનનો સાક્ષી બન્યો છે.

ડિજિટલ હેલ્થ ક્રાંતિનું મજબૂત પગથિયું એટલે આયુષ્માન ભારત ડિજિટલ મિશન. આધુનિક યુગમાં ટેકનોલોજી આરોગ્ય સેવાઓનો અભિન્ન ભાગ બની છે. આ દિશામાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન એક મહત્વપૂર્ણ પગલું છે. આ મિશન અંતર્ગત દરેક નાગરિકને આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) નંબર આપવામાં આવે છે, જે વ્યકિતની ડિજિટલ હેલ્થ આઈ.ડી. તરીકે કાર્ય કરે છે.

અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩ લાખથી વધુ નાગરિકોની ABHA હેઠળ નોંધણી કરવામાં આવી છે. આ નોંધણી દ્વારા નાગરિકો પોતાના આરોગ્ય સંબંધિત તમામ રેકોર્ડને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખી શકે છે. હોસ્પિટલ, ડોકટર અને દર્દી વચ્ચે આરોગ્ય વિષયક માહિતીનું સરળ અને સુરક્ષિત આદાન–પ્રદાન શકય બન્યું છે. પરિણામે સારવારની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને અસરકારક બની છે.

ગરીબ અને મધ્યમવર્ગ માટે આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ એટલે આયુષ્માન ભારત–પ્રધાનમંત્રીજન આરોગ્ય યોજના. આરોગ્ય ખર્ચને કારણે કોઈ પરિવાર આર્થિક મુશ્કેલીમાં ન મુકાય તેવા ઉમદા હેતુથી 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના વિની સૌથી મોટી જાહેર આરોગ્ય વીમા યોજનાઓમાંની એક છે જે એક અનોખી સિદ્ધિ છે.

અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૭.૩૧ લાખથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ છે. આ કાર્ડ ધારકોને નિશ્ચિત રકમ સુધીની કેશલેસ સારવારની સુવિધા પ્રાપ્ત થાય છે. ગંભીર બીમારીઓ, સર્જરી અને વિશેષ સારવાર માટે હવે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક ચિંતા કરવી પડતી નથી. હવે, ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓનો લાભ દેશના કરોડો ગરીબ, વંચિતો સુધી સરળતાથી પહોંચી રહ્યો છે. એટલું જ નહીં પણ હવે ખાનગી હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવારની સુવિધાએ આરોગ્ય સેવાને વધુ સમાન અને સર્વસમાવેશક બનાવી છે.

છેવાડાના ગામડાં સુધી ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓની પહોંચ સુનિશ્ચિત બની છે. આરોગ્ય સેવાઓનો લાભ અંતિમ વ્યકિત સુધી પહોંચે તે માટે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોને આયુષ્માન આરોગ્ય મંદિરમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦૭ આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થયા છે.

આ આરોગ્ય મંદિરોમાં માત્ર સામાન્ય સારવાર જ નહીં, પરંતુ માતા અને બાળ આરોગ્ય, રસીકરણ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી બિનચેપી બીમારીઓની તપાસ, માનસિક આરોગ્ય, પોષણ માર્ગદર્શન અને આરોગ્ય જાગૃતિ જેવી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો માટે આ કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય સેવાઓનું મજબૂત કેન્દ્ર બની રહ્યા છે. જેના કારણે લોકોને નાની–મોટી સારવાર માટે દૂર સુધી જવાની જરૂરિયાત હવે ભૂતકાળ બની છે.

કેન્દ્ર સરકરાની સફળતાના છેલ્લા ૧૨ વર્ષની સફળ વિકાસયાત્રા થકી આરોગ્ય ક્ષેત્રે વિકાસ, વિાસ અને જનકલ્યાણની નવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે. જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિઓ માત્ર આંકડાઓ પૂરતી મર્યાદિત નથી. તેની પાછળ લાખો નાગરિકોના જીવનમાં આવેલો સકારાત્મક બદલાવ છુપાયેલો છે. ડિજિટલ હેલ્થ વ્યવસ્થા, આરોગ્ય વીમા સુરક્ષા, વડીલો માટે વિશેષ યોજના અને ગ્રામ્ય સ્તરે મજબૂત આરોગ્ય માળખું–આ તમામ પ્રયાસોએ આરોગ્ય સેવાઓને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી છે.

છેલ્લા ૧૨ વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે થયેલા આ પરિવર્તનો વિકાસ, વિાસ અને જનકલ્યાણના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. 'સ્વસ્થ ભારત'ના વિઝનને સાકાર કરવા માટે અમરેલી જિલ્લો પણ પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. આરોગ્ય સુરક્ષા અને સર્વાંગી સુખાકારી તરફની આ યાત્રા આગામી સમયમાં પણ નવી ઊંચાઈઓ સર કરશે અને જનકલ્યાણની ભાવનાને વધુમાં વધુ મજબૂત બનાવશે.

**ખાસ લેખ :– ધર્મેશ એન. વાળા**

---

### હિમાચલ પ્રદેશમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની કરાટેની સ્પર્ધામાં

## ધારી શહેરની યથા આર્ટ એકેડમીના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને ડંકો વગાડયો

**ટીમે નવેમ્બરમાં વાડોકાઈ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ભાગ લેશે**



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

અમરેલી, તા. ૧૧

હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં સ્થિત SAG ઈન્ડોર સ્ટેડિયમ ખાતે તાજેતરમાં ૨૮મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતના વિવિધ રાજયોમાંથી આશરે ૫૧૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં ધારીની યથા આર્ટ એકેડમીના ૩ વિદ્યાર્થીઓએ કાતા અને ફાઈટ ઈવેન્ટમાં પ્રદર્શન કરી ૧,ગોલ્ડ, ૨, સિલ્વર અને ૨, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ધારી શહેરોનું ગૌરવ વધાર્યુ.

ગુજરાત ટીમ મેનેજર મયુરકુમાર ચૌહાણ તથા યથા આર્ટ એકેડમી ધારીના કોચ હદીશા મહેતર અને રિદ્ધિ મહેતાના માર્ગદર્શન અને તાલીમ હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. વિજેતા વિદ્યાર્થીઓ મશરૂ ધ્યેય ફાઈટમાં ગોલ્ડ અને કાતામાં બ્રોન્સ મેડલ, મશરૂ હેત ફાઈટમાં સિલ્વર મેડલ અને આંતરોલીયા પૂનમ કાતામાં સિલ્વર અને ફાઈટમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. હવે આ ખેલાડીઓ નવેમ્બર મહિનામાં વડોદરા ખાતે યોજાનારી વાડોકાઈ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટના સિલેકશન માટે ભાગ લેશે.

---

### રાજયમંત્રી કૌશિક વેકરિયાના જન્મદિને

## અમરેલી ખાતે કર્મભૂમિ ચેરિ.ટ્રસ્ટ દ્વારા મેડિકલ સાધનોનું વિતરણ

**જરૂરિયાતમંદોને સહાય કરવામાં આવશે**



અમરેલી, તા. ૧૧

ગુજરાત સરકાર કાયદા મંત્રી, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના જન્મ દિવસ નિમિત્તે નીરજા મેડિકલ એજન્સી રવિ પંડયા તેમજ કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીરજા મેડિકલ એજન્સી અમૃતનગર ખાતે કૌશિકભાઈ વેકરિયા, પિન્ટુભાઈ કરૂંદલે વિજયભાઈ ચોટલિયા, મેહુલભાઈ ધોરાજીયા, સંદીપભાઈ માંગરોલીયા, દિલાભાઈ વાળા, વિદુર ડાબાસરા ભાજપ ટીમ સાથે 'પેશન્ટ કેર ઈકિવપમેન્ટ '૧.મેરિહેબિલિટેશન સાધનો, ૨.વ્હીલચેર, ૩.ટોયલેટ ખુરશી,૪.મેડિકલ લાકડી, ૫.સેકશન મશીન, ૬.પલંગ–પાણી વાળા ગાદલા, ૭.નેબ્યુલાઈઝર, સાધનો જરૂરિયાતમંદ લોકોની ફીમાં સેવા આપવા માટેનું એક અનોખું પ્રયાસ કરવામાં આવ્યો અગાઉ પણ રવિભાઈ પંડયા અને તેની ટીમ દ્વારા કોરોના મહામારીમાં દર્દીઓને ખૂબ જ સેવા કરેલી હતી તે વાત પણ કૌશિકભાઈ દ્વારા યાદ કરવામાં આવેલ હતી. સાધનની મદદથી કોઈ દર્દી પથારીમાંથી ઊભો થઈ શકે અથવા પોતાની જાતે બાથરૂમ સુધી જઈ શકે, ત્યારે તેના મનમાંથી જે આંતરિક ખુશી અને આશીર્વાદ નીકળે છે તે ખૂબ જ શક્તિશાળી હોય છે. આશીર્વાદરૂપી હોય છે.

---

### તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માનનાં કાર્યક્રમ અંતર્ગત

## બાબરા : કરણુકી ગામે કોળી સમાજનાં આગેવાનોની મહત્વની બેઠક યોજાઈ

**સમાજની એકતા, શિક્ષણ સહિતનાં મુદ્દે ચર્ચા થઈ**

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના કરણુકી ગામે કોળી સમાજના વિદ્યાર્થીઓ, રાજકીય ક્ષેત્રે ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ વિવિધ સરકારી–અર્ધસરકારી ક્ષેત્રોમાં સેવારત કર્મચારીઓના ભવ્ય સન્માન સમારોહના આયોજનને લઈને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સમાજના સર્વાંગી વિકાસ અને નવી પેઢીને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલી આ બેઠકમાં સમાજના આગેવાનો, યુવાનો અને વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બેઠક દરમિયાન સમાજ અગ્રણી નીતિનભાઈ રાઠોડે શિક્ષણને સમાજના વિકાસનો મુખ્ય આધાર ગણાવી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તરફ પ્રેરિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે સમાજમાંથી અંધશ્રધ્ધા, કુરિવાજો અને રૂઢિચુસ્ત માન્યતાઓ દૂર કરવા માટે સામૂહિક જાગૃતિ લાવવાની અપીલ કરી હતી. સાથે જ યુવા પેઢી સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે વધુ સક્રિય બની સમાજને નવી દિશા આપે તેવી આશા વ્યકત કરી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

તેમણે જણાવ્યું હતું કે સમાજના હોશિયાર વિદ્યાર્થીઓ, વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનાર વ્યકિતઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કર્મચારીઓનું જાહેર સન્માન કરવામાં આવે તો નવી પેઢીને પ્રેરણા મળે છે અને સમાજમાં સકારાત્મક સ્પર્ધા તથા વિકાસનું વાતાવરણ સર્જાય છે.

આ બેઠકમાં ગોવિંદભાઈ બાવળીયા, કરણુકી ગામના સરપંચ મુન્નાભાઈ, અશોકભાઈ બારૈયા, વિનુભાઈ મકવાણા, વિઠ્ઠલભાઈ ઝાપડિયા સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં ગામના યુવાનો અને વડીલોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાના સૂચનો અને સહકારની ખાતરી આપી હતી.

બેઠકના અંતે સમાજના શૈક્ષણિક, સામાજિક અને રાજકીય ઉત્કર્ષ માટે સૌએ એકતાથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી, જેના પરિણામે આગામી સમયમાં યોજાનારો સન્માન સમારોહ સમગ્ર વિસ્તાર માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ૧૨ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં

# સાવરકુંડલા ખાતે ભાજપ પરિવાર દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયુ

**શહેરનાં જુદા-જુદા વિસ્તારમાં ધારાસભ્ય મહેશ કસવાલાની આગેવાનીમાં સ્વચ્છતાનું કાર્ય યોજાયુ**

**મહાનુભાવોની પ્રતિમાને પુષ્પાંજલિ સહિતનાં ઉમદા કાર્યો કરવામાં આવ્યા**

**સ્વચ્છતા, સામાજિક સમરસતા અને રાષ્ટ્ર નિર્માણનાં સંકલ્પને મજબુત બનાવવા સૌએ પ્રતિબધ્ધતા વ્યકત કરી**

**પાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા, શહેર ભાજપ પ્રમુખ સહિતનાં આગેવાનો જોડાયા**



સાવરકુંડલા, તા. ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં સફળ અને દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ દેશે વિકાસ, સુશાસન, ગરીબ કલ્યાણ, આત્મનિર્ભર ભારત અને જનસેવાના ક્ષેત્રે અનેક નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે. તેમના પ્રધાનમંત્રી તરીકેના સતત અને નિરંતર ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર ધ્વારા મેગા સફાઈ અભિયાન સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા.

આ અભિયાન દરમિયાન ભાજપના આગેવાનો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક જોડાઈ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા માટે શ્રમદાન કર્યુ હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો હતો.

મેગા સફાઈ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભારતના બંધારણના શિલ્પી અને મહાન સમાજ સુધારક ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના વિચારો, સમાનતા, ન્યાય અને દેશના સર્વાંગી વિકાસ માટેના અમૂલ્ય યોગદાનને વંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વૈશ્વિક સ્તરે નવી ઓળખ મેળવી છે અને જનભાગીદારી આધારિત વિકાસને નવી દિશા મળી છે. સાથે સાથે સ્વચ્છતા, સેવા, સામાજિક સમરસતા અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવવા સૌએ પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ઉપરાંત નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, નગરપાલિકાના ચીફ ઓફિસર, નગરપાલિકાના સભ્યો, સંગઠનના હોદેદારો, ભાજપના કાર્યકરો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા : મઢડા ગામે જાહેરમાં જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે રહેતા મહેશભાઈ બેચરભાઈ ચૌહાણ સહિત આઠ ઈસમો ગત તા. ૧૦ના રોજ સાંજે ૫:૧૫ વાગ્યે મઢડા ગામે આવેલ સ્મશાન પાસે પીપળાના ઝાડ નીચે જાહેરમાં પૈસા તથા પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે સાવરકકુંડલા રૂરલ પોલીસને બાતમી મળતા પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૫૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૩૩,૦૦૦ તથા ગંજીપતા મળી કુલ રૂા. ૪૩,૫૦૦ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ૪ આરોપી ઝડપાઈ ગયા હતા તેમજ ૪ આરોપી નાશી ગયા હતા. તેમની પોલીસે શોધખોળ આદરી છે.

## અમરેલી ખાતે રવિવારના રોજ સાયકલિંગ મેગા ઈવેન્ટ યોજાશે

અમરેલી, તા. ૧૧

દર વર્ષે ૩ જુનના રોજથી સાયકલ વીકની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૧૪ જુનના રોજ સેન્ટર પોઈન્ટ-અમરેલી ખાતે સવારે ૭ વાગ્યે સાયકલિંગ મેગા ઈવેન્ટ યોજાશે, તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## છેવાડાનાં માનવીને સરકારી યોજનાઓનો લાભ આપવા

# અરે વાહ : અમરેલી નગરસેવા સદન ખાતે આજે જનકલ્યાણ શિબિરનુ આયોજન

**આયુષ્યમાન કાર્ડ, લખપતીદીદી, સ્વનિધિ સહિતની યોજનાનો લાભ મળશે**

અમરેલી, તા. ૧૧

પ્રધાનમંત્રી વિકસીત ભારત સંકલ્પ અન્વયે લોકોની સહભાગીતા પ્રાપ્ત થાય અને છેવાડાનાં માનવી સુધી સરકારી યોજનાઓનાં માહિતી બહોળ પ્રમાણમાં પહોંચે અને તે યોજનાઓનો મહતમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસીત ભારત @ ૨૦૪૭માં લક્ષ્યને સિધ્ધ કરવા માટે વિકસિત ગુજરાત @ ૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે તા. ૧૨ જૂનથી ૨૦ જૂન ૨૦૨૬ દરમ્યાન જન કલ્યાણ શિબીરનાં આયોજન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા તા. ૧૨/૬/૨૬ના રોજ સવારનાં ૯:૦૦ કલાકથી અમરેલી નગરપાલીકા ખાતે જનકલ્યાણ શિબીરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સરકારનાં જુદા જુદા વિભાગો અંતર્ગત સેવાઓનાં લાભો નગરજનોને શિબીરમાં લાભો મેળવવા માટે પધારવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ઘરાવતા અભ્યાસક્રમો
BSC NURSING / MSC NURSING / PBBSC NURSING
ANM NURSING / GNM NURSING / BHMS/BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: ઐફસ ::
પ્રથમ માળ, સાકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧



















### જહાજો પર હુમલા બંધ કરો : ભારત

# ઓમાનમાં અમેરિકાના સતત ૩ હુમલા બાદ ભારતે નોંધાવ્યો વિરોધ

## ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે

નવી દિલ્હી, તા.૧૧

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે દરિયાઈ માર્ગો પર નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યો છે. ઓમાનના દરિયાકાંઠે અમેરિકી નૌસેના દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે. ભારતે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને હુમલા તાત્કાલિક રોકવાની માંગ કરી છે.

ગઈકાલે ભારતીય વિદેશ મંત્રાલયે દિલ્હીમાં તૈનાત અમેરિકાના ચાર્જ ડી અફેર્સને સમન્સ પાઠવીને ભારતનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આજે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા બ્રીફિંગ દરમિયાન ભારતનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, અમે ઓમાનના દરિયાકાંઠે જહાજ પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ, જેમાં કમનસીબે આપણે ત્રણ ભારતીય નાગરિકો ગુમાવ્યા છે. અમે અમેરિકી ચાર્જ ડી અફેર્સને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે. આ વિસ્તારમાં શિપિંગ પર થઈ રહેલા સતત હુમલાઓ ઊંડી ચિંતાનો વિષય છે અને તે આ પ્રદેશમાં ચાલી રહેલા સંઘર્ષનું સીધું પરિણામ છે. આ હુમલાઓ બંધ થવા જ જોઈએ. અમે સંવાદ અને ડિપ્લોમેસીની અપીલ કરીએ છીએ જેથી પ્રદેશમાં વહેલી તકે શાંતિ અને સ્થિરતા પાછી આવી શકે.

અમેરિકન સૈન્યની સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ હુમલા ઈરાન સામે ૧૩ એપ્રિલથી લાગુ કરાયેલી નૌકાદળ નાકાબંધીના ઉલ્લંઘનને કારણે કરવામાં આવ્યા હતા.આજે ગિની-બિસાઉ નામના દેશનો ધ્વજ ધરાવતા જહાજ MT Jalveer પર હુમલો કરવામાં આવ્યો હતો. જહાજ પર ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

અમેરિકાનો આરોપ છે કે આ જહાજ ઓમાનના અખાતમાંથી ઈરાની તેલ વહન કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. જ્યારે જહાજના ક્રૂ મેમ્બર્સે અમેરિકન સેનાની સૂચનાઓનું વારંવાર ઉલ્લંઘન કર્યું, ત્યારે અમેરિકન ફાઈટર એરક્રાફ્ટે જહાજના એન્જિન રૂમ પર બે શક્તિશાળી મિસાઈલોથી હુમલો કર્યો. વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે જે ત્રણ જહાજો પર અમેરિકાએ હુમલા કર્યા છે, તેમાંથી કોઈ પણ ભારતની માલિકીનું નથી. તે તમામ વિદેશી ધ્વજ ધરાવતા જહાજો હતા, પરંતુ તેમાં કામ કરતો ક્રૂ સ્ટાફ ભારતીય હતો. અત્રે જણાવવાનું કે તે પહેલા MT સેટેબેલો નામના જહાજ પર હુમલો થયો હતો જેના પર ૨૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી ૨૧ને બચાવી લેવાયા પરંતુ ૩ લોકોના જીવ ગયા.

---

### કોંગ્રેસ-AAPએ ઉમેદવાર ઉતાર્યા ન હતા

# રાજ્યસભા ચૂંટણીમાં ગુજરાત ભાજપના ચારેય ઉમેદવારો બિન હરીફ જાહેર

## ચૂંટણી પ્રક્રિયાના અંતિમ તબક્કામાં અન્ય કોઈ માન્ય ઉમેદવાર મેદાનમાં ન રહેતા ભાજપના ઉમેદવારોને સીધી જીત મળી છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ગુજરાતની ચાર બેઠકો માટે રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર, જીતેન્દ્ર મેઘજીભાઈ કણઝારીયા સત્તાવાર રીતે બિન હરીફ જાહેર કરવામાં આવ્યા છે. જેથી હવે ૧૮ જૂને યોજાનારી રાજ્યસભા ચૂંટણી ગુજરાતમાં નહીં યોજાય. મહત્વનું છે કે હાલ ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનું સંખ્યાબળ ૧૬૧ જેટલું છે અને કોંગ્રેસનું ૧૨ તેમજ AAPનું ૫ જેટલું જ સંખ્યાબળ હોવાથી એક પણ વિપક્ષી પાર્ટીએ ઉમેદવાર ઉતાર્યો નથી. જેથી ચૂંટણી પંચે ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવારોને બિન હરીફ જાહેર કર્યા છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં આજે ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. પરિણામે રાજ્યસભાની આ ચાર બેઠકો પર હવે કોઈ મતદાનની જરૂર રહેશે નહીં. ચૂંટણી પ્રક્રિયાના અંતિમ તબક્કામાં અન્ય કોઈ માન્ય ઉમેદવાર મેદાનમાં ન રહેતા ભાજપના ઉમેદવારોને સીધી જીત મળી છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારી પરત ખેંચવાની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ આ સ્થિતિ સ્પષ્ટ થઈ હતી.

ભાજપ તરફથી મેદાનમાં રહેલા રાજુ શુક્લ, માનસિંહ પરમાર, જીતેન્દ્ર કણઝરીયા અને મુકેશ રાઠવા હવે સત્તાવાર રીતે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. ચારેય ઉમેદવારોને બિનહરીફ વિજય મળતા પાર્ટી કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજકીય વિશ્લેષકોના મતે, ગુજરાતમાં ભાજપની મજબૂત સંગઠનાત્મક સ્થિતિ અને વિધાનસભામાં સંખ્યાબળના કારણે રાજ્યસભાની ચૂંટણીમાં પક્ષને અનુકૂળ સ્થિતિ મળી છે. બિનહરીફ જીતથી પક્ષે પોતાની રાજકીય પકડ વધુ એક વખત સાબિત કરી છે. ચૂંટણી તંત્ર દ્વારા નિયમિત પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ચારેય વિજેતા ઉમેદવારોને આજે વિજયનું સત્તાવાર પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આ સાથે રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને મતદાન વિના પૂર્ણ થશે.

કોણ છે રાજ્યસભાના બિન હરીફ ચારેય ઉમેદવારો?

મુકેશ રાઠવાઃ આદિવાસી સમાજ, છોટાઉદેપુર જિલ્લા કવાંટના રહેવાસી છે, ભાજપ મહામંત્રી, ભાજપ યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે.

જીતેન્દ્ર કણઝારીયાઃ સતવારા સમાજ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાજપ (BJP)ના અગ્રણી નેતા અને કાર્યકર છે જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન, ખંભાળિયાના પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈ કણઝારિયાના પુત્ર છે. ૨૦૨૧માં કોરોનાના કારણે પિતા મેઘજીભાઈ કણઝારિયાનું નિધન થયું હતું

માનસિંહ પરમારઃ રાજપૂત સમાજ, હાલમાં ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

રાજુ શુક્લાઃ બ્રાહ્મણ સમાજ, કડી-કલોલ ભાજપના કાર્યકર અને હાલ સુરેન્દ્રનગર પ્રભારી

ગુજરાતમાંથી રાજ્યસભાના કોંગ્રેસના એકમાત્ર સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂનના રોજ પૂરો થઈ રહ્યો છે. પરિણામે, જૂન મહિના પછી રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.

---

### વધુ એક ભારતીય જહાજ જલવીર પર હુમલો

# સેટેબેલો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીયોના જીવ ગયા

## સેટેબેલો નામના જહાજ પર હુમલો થયો હતો જેના પર ૨૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી ૨૧ને બચાવાયા

તેહરાન, તા.૧૧

અમેરિકા અને ઈરાન બંને એક બીજાના ઠેકાણાઓને ટાર્ગેટ કરી રહ્યા છે. મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થપાશે એવી આશા હવે ઠગારી નીવડી રહી છે. અત્યંત મહત્વનો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સ્થિતિ પાછી ભયાનક બની રહી છે. આ બધા વચ્ચે ઓમાનના કાંઠા પાસે વધુ એક ભારતીય જહાજ MT જલવીર પર હુમલો થયાના સમાચાર આવ્યા છે. આ જહાજ પર ૨૦થી વધુ નાવિકો સવાર છે. અત્રે જણાવવાનું કે તે પહેલા MT સેટેબેલો નામના જહાજ પર હુમલો થયો હતો જેના પર ૨૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી ૨૧ને બચાવી લેવાયા પરંતુ ૩ લોકોના જીવ ગયા. પ્રાથમિક રિપોર્ટ્સ મુજબ જહાજના ફનલ અને એન્જિન રૂમમાં આગ લાગી છે. જેનાથી જહાજને નુકસાન પહોંચ્યું હોવાની આશંકા છે. જહાજ પર ભારતીય નાવિકો હાજર છે. જો કે ભારતીય ક્રુ સભ્યોની સંખ્યા કે તેમની સુરક્ષા વિશે હજુ કોઈ સત્તાવાર માહિતી નથી. સમુદ્રી સુરક્ષા એજન્સીઓ અને સંબંધિત અધિકારીઓ સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. અધિકારીઓ તરફથી જારી નિવેદનમાં કહેવાયું છે કે તેમને આજે શિનાસ બંદર પાસે એક વેસલ સંબંધિત ઘટનાની જાણકારી મળી છે. મામલાની ગંભીરતા જોતા સ્થિતિની સતત નિગરાણી થઈ રહી છે. નિવેદન મુજબ ઘટના વિશે વિસ્તૃત જાણકારી મેળવવા માટે સ્થાનિક પ્રશાસન અને સંબંધિત અધિકારીઓ સાથે સમન્વય કરવામાં આવી રહ્યો છે. હાલ ઘટનાઓના કારણો અને સંભવિત પ્રભાવો વિશે કોઈ અધિકૃત જાણકારી શેર કરાઈ નથી. આ મામલાની જાણકારી ઓમાનમાં ભારતીય એમ્બેસી તરફથી આપવામાં આવી છે.અત્રે જણાવવાનું કે ઓમાનના કાંઠા પાસે બુધવારે પણ એક કોમર્શિયલ જહાજ પર હમલાની વાત સામે આવી હતી. આ જહાજ પર કુલ ૨૮ લોકો સવાર હતા. જેમાંથી ૨૪ ભારતીયો હતા. દુખદ વાત એ છે કે આ હુમલામાં ૩ ભારતીય નાવિકો જે પહેલા ગૂમ હોવાનું કહેવાયું હતું ત્યારબાદ તેમના મોતના સમાચાર સામે આવ્યા છે. ૨૧ લોકોને સફળતાપૂર્વક બચાવી લેવાયા હતા. આ ઘટના ૧૦ જૂનની છે. ભારતે આ હુમલાની આકરી ટીકા પણ કરી.

જે જહાજ પર હુમલો થયો હતો તેનું નામ ર્ સેટેબેલો હતું. રોયટર્સે બ્રિટિશ મેરીટાઈમ સિક્યુરિટી ગ્રુપ એમ્બ્રેના હવાલે લખ્યું કે આ કદાચ ઈરાની બંદરોની ઘેરાબંધી કરવા માટે અમેરિકી ઓપરેશનનું પરિણામ હતું. પહેલા પણ ક્રૂને ચેતવણી આપવામાં આવેલી છે કે હુમલાની સ્થિતિમાં જહાજના પાછલા ભાગની જગ્યાએ આગલા ભાગે (બો) પર ભેગા થાય. રિપોર્ટ્સ મુજબ MT જલવીર પર થયેલા હુમલા પહેલા ઓમાનમાં જ સમુદ્રી તટો પર છેલ્લા બે દિવસથી હુમલા થઈ રહ્યા છે. આ સતત ત્રીજા શીપ પર હુમલો છે. ભારતે બુધવારે MT સેટેબેલો પર થયેલા હુમલાની ખુબ ટીકા કરી હતી. ભારતે આ મામલે અમેરિકી પ્રભારી રાજદૂત જેસન મીક્સને વિદેશ મંત્રાલય બોલાવીને સત્તાવાર રીતે વિરોધ નોંધાયો હતો.

---

### અયોધ્યા રામ મંદિરમાં દાનના પૈસામાં થયો ગોટાળો?

# બ્રિજભૂષણ સિંહે કહ્યું સાચું બોલીશ તો ફસાઈ જઈશ

## આમાં ઘણા મોટા-મોટા લોકો જોડાયેલા છે : બ્રિજભૂષણ સિંહ

અયોધ્યા, તા.૧૧

ઉત્તર પ્રદેશના ઘણા નેતાઓએ અયોધ્યાના રામ મંદિરમાં આવેલી દાનની રકમમાં કથિત ગડબડ થઈ હોવાનો આરોપ લગાવ્યો છે. આ મુદ્દે હવે ઉત્તર પ્રદેશના ગોંડાના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ સિંહનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. બ્રિજભૂષણ સિંહે કહ્યું કે, જો તેઓ આ મુદ્દે સાચું બોલશે, તો તેઓ મોટી મુશ્કેલીમાં ફસાઈ જશે. આમાં ઘણા મોટા-મોટા લોકો જોડાયેલા છે. નોંધનીય છે કે, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને અન્ય વિપક્ષી નેતાઓએ અયોધ્યાના રામ મંદિરના દાનના કરોડો રૂપિયામાં કથિત ગોટાળાનો આરોપ લગાવ્યો છે. જોકે, કેન્દ્ર સરકારે આ તમામ આરોપોને ફગાવી દીધા છે. બ્રિજભૂષણ સિંહે કહ્યું કે, "હું બહુ નાનો માણસ છું. આ મુદ્દે હું સાચું બોલી દઈશ તો મોટી મુશ્કેલીમાં ફસાઈ જઈશ. એ લોકો બહુ મોટા છે... હાલ તો આ મુદ્દે સાચું બોલવાની હિંમત મારામાં નથી. પણ જ્યારે સમય આવશે, ત્યારે જરૂર બોલીશ." આપને જણાવી દઈએ કે, બૃજભૂષણ શરણ સિંહ ઉત્તર પ્રદેશના ગોંડાથી ભાજપના પૂર્વ સાંસદ અને ભારતીય કુશ્તી મહાસંઘ (WFI)ના પૂર્વ અધ્યક્ષ છે. તેઓ છ વખત સાંસદ રહી ચૂક્યા છે. તેમનું આ નિવેદન ઘણું ચોંકાવનારું માનવામાં આવી રહ્યું છે.અયોધ્યાના રામ મંદિરના દાનપાત્રમાં કથિત ગડબડ થઈ હોવાનો આરોપ લાગ્યા બાદ હવે કેટલાક ભાજપના નેતાઓ પણ તપાસની માંગ કરી રહ્યા છે. ભાજપના નેતા અને પાર્ટીના પ્રવક્તા ડૉ. રજનીશ સિંહે મંગળવારે રામ જન્મભૂમિ મંદિરને મળેલા દાનમાં થયેલી કથિત ગડબડની નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરની કેન્દ્રીય તપાસની માંગ કરી છે. ડૉ. રજનીશ સિંહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને માંગ કરી છે કે આ મામલે CBI, Enforcement Directorate અથવા અન્ય કોઈ સક્ષમ કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસ કરાવવામાં આવે.તેમણે એ પણ વિનંતી કરી છે કે તપાસના પરિણામો જાહેર કરવામાં આવે, જેથી મંદિર ટ્રસ્ટમાં શ્રદ્ધાળુઓનો વિશ્વાસ જળવાઈ રહે. રજનીશ સિંહે કહ્યું, "રામ મંદિર કરોડો હિન્દુઓની આસ્થા, ભક્તિ અને વિશ્વાસનું કેન્દ્ર છે. દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ પોતાની શ્રદ્ધા પ્રમાણે દાન આપે છે. જો દાનના પૈસાનો ખોટો ઉપયોગ, હેરાફેરી અથવા નાણાકીય ગડબડીના આરોપ સાચા સાબિત થાય છે, તો એ માત્ર આર્થિક ગુનો નહીં, પણ લાખો રામભક્તોની ધાર્મિક લાગણીઓને પણ મોટો આઘાત પહોંચાડશે. દોષિતો સામે કડક કાર્યવાહી કરવી ખૂબ જ જરૂરી છે."

---

### હોમ મેકર નહીં નેશન બિલ્ડર કહો!

# અકસ્માત વળતરમાં ગૃહિણીઓના કામનું માસિક મૂલ્ય રૂ. ૩૦,૦૦૦ નક્કી

## જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની બેન્ચે આ ચુકાદો આપતા ગૃહિણીઓના મહત્ત્વને નવી ઊંચાઈ આપી છે

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય ન્યાયતંત્રમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ગૃહિણીઓ દ્વારા કરવામાં આવતી ઘરની સંભાળ અને સેવાઓનું આર્થિક મૂલ્ય છે. હવે અકસ્માત વળતરના કેસોમાં ઘરેલું સંભાળના નુકસાનને એક અલગ અને મહત્ત્વપૂર્ણ વળતરના મુદ્દા તરીકે ગણવામાં આવશે. દુર્ઘટનાનો શિકાર ગૃહિણીઓના વળતર માટે સુપ્રીમ કોર્ટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. કોર્ટે ગૃહિણીઓની ઘરેલું સંભાળના નુકસાનનું માસિક મૂલ્ય ઓછામાં ઓછું ૩૦,૦૦૦ રૂપિયા નક્કી કર્યું છે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની બેન્ચે આ ચુકાદો આપતા ગૃહિણીઓના મહત્ત્વને નવી ઊંચાઈ આપી છે. કોર્ટે નોંધ્યું છે કે ગૃહિણીનું કામ માત્ર ચાર દીવાલો વચ્ચે સીમિત નથી, પરંતુ તે માનવ વિકાસ અને દેશના પાયાના નિર્માણ સાથે જોડાયેલું છે.કોર્ટે આ અંગે ખૂબ જ સકારાત્મક અભિગમ અપનાવતા જણાવ્યું છે કે, અમે માનીએ છીએ કે ગૃહિણી માનવીના વિકાસ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે છે. ગૃહિણી રાષ્ટ્રનું નિર્માણ કરે છે. તેથી, રાષ્ટ્ર નિર્માતા તરીકે, અમે ગૃહિણીઓની ઘરેલું સંભાળના નુકસાનનું માસિક મૂલ્ય ઓછામાં ઓછું ૩૦,૦૦૦ રૂપિયા નક્કી કર્યું છે. અગાઉના પ્રણય સેઠી ચુકાદામાં જે વળતરના માપદંડો નક્કી હતા, તેમાં હવે સુપ્રીમ કોર્ટે લોસ ઑફ ડોમેસ્ટિક કેર(ઘરેલું સંભાળમાં થતી ખોટ)ને એક વધારાના ગ્રાઉન્ડ તરીકે ઉમેર્યું છે. જસ્ટિસ કરોલની ટિપ્પણી મુજબ, આ નિર્ણયનો ઉદ્દેશ્ય ગૃહિણીના કાર્યને યોગ્ય સન્માન અને આર્થિક માન્યતા અપાવવાનો છે. કોર્ટે એવી આશા વ્યક્ત કરી છે કે હવે હોમમેકર શબ્દને બદલે નેશન બિલ્ડર (રાષ્ટ્ર નિર્માતા) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ૨૦૨૪ના એક ચુકાદામાં પણ કોર્ટે ગૃહિણીઓના કામને ગૌણ ગણવાની માનસિકતાને ખોટી ઠેરવી હતી અને તેમની કામગીરીને દૈનિક વેતન મેળવનાર વ્યક્તિ કરતાં ઓછી ન હોવી જોઈએ તેવું અવલોકન કર્યું હતું.

સુપ્રીમ કોર્ટે માત્ર વળતર જ નહીં, પરંતુ કેસના ઝડપી નિકાલ માટે પણ મહત્ત્વના નિર્દેશો આપ્યા છે. મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલ્સને મોટર વ્હીકલ ઍક્ટની કલમ ૧૬૯ હેઠળ નિર્ધારિત સંક્ષિપ્ત કાર્યવાહીને અક્ષરશઃ લાગુ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, દેશની તમામ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને આ પ્રક્રિયા પર દેખરેખ રાખવા આદેશ આપવામાં આવ્યો છે જેથી પીડિત પરિવારોને ન્યાય મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી ન પડે.આ નિર્ણય ભારતીય સમાજમાં ગૃહિણીઓના દરજ્જાને બદલવાની દિશામાં એક મોટું ડગલું છે. જ્યારે આપણે ગૃહિણીના કામને રાષ્ટ્ર નિર્માણ તરીકે જોઈએ છીએ, ત્યારે તે સમાજના માનસિક બદલાવનું પ્રતીક બની જાય છે. હવે અકસ્માત જેવા કમનસીબ સમયમાં, પરિવારને માત્ર આર્થિક મદદ જ નહીં, પણ એક ગૃહિણીના અમૂલ્ય યોગદાનનું સન્માન પણ મળશે.

---

### ભારત પર ફરી મંડરાયું મોટું સંકટ!

# હોર્મુઝ માર્ગ બંધ થતાં જ LPG, પેટ્રોલ-ડીઝલના ભાવ પર જોવા મળી શકે છે અસર

## અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર શરૂ થયેલા યુદ્ધના કારણે હોર્મુઝ માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે

નવી દિલ્હી, તા.૧૧

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્થિતિ ફરી વણસી ગઈ છે. યુદ્ધવિરામ તૂટી ચૂક્યું છે અને મિસાઈલો પોતાના ટાર્ગેટને નિશાન બનાવી રહી છે. અમેરિકાની મિસાઈલો કેશ્મ દ્વીપ, બંદર અબ્બાસ, મીનાબ અને સીરિકના વિસ્તારોને નિશાન બનાવી રહી છે, તો બીજી તરફ ઈરાન કુવૈત-બહેરીનમાં અમેરિકાના ઠેકાણાઓને ટાર્ગેટ કરી રહ્યું છે. આ દરમિયાન ઈરાને ફરીથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. હોર્મુઝનું બંધ થવું ભારત માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.અમેરિકાના હુમલા બાદ ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. ઈરાનના આ નિર્ણયથી ઓઈલ ટેક્કરો અને વ્યાપારી જહાજોની અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. સાથે જ ઈરાને ધમકી આપી છે કે, આદેશનું ઉલ્લંઘન કરનારાઓને નિશાન બનાવવામાં આવશે. ઈરાનના આ નિર્ણય બાદ હવે આખી દુનિયાની નજર ફરી એકવાર હોર્મુઝ પર ટકેલી છે. હોર્મુઝ પાસે અમેરિકા અને ઈરાનની સૈન્ય કાર્યવાહી તેજ થઈ ગઈ છે. ઓઈલ ટેક્કરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેના કારણે શિપિંગ પર મોટું જોખમ મંડરાવા લાગ્યું છે.

હોર્મુઝનું સંપૂર્ણપણે બંધ થવું અને ટેક્કરોને નિશાન બનાવવામાં આવવા તે ભારતની ચિંતા વધારી શકે છે. ઈરાનના આ નિર્ણય અને કોમર્શિયલ ટેક્કરો પર અમેરિકાની મિસાઈલના હુમલા ભારતમાં ઓઈલ અને LPG સંકટને વધારી શકે છે. હોર્મુઝના આ સંવેદનશીલ માર્ગથી ભારતની ૯૦ ટકાથી વધુ LPG આયાત થાય છે. ક્રૂડ ઓઈલનો મોટો જથ્થો આ જ માર્ગથી પાર કરીને ભારત પહોંચે છે.મોટી માત્રામાં LNG પણ હોર્મુઝના માર્ગથી જ ભારત પહોંચે છે. હવે જ્યારે આ રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે, ત્યારે ભારતના ગેસ અને ઓઈલના સપ્લાય પર તેની અસર જોવા મળી શકે છે. ભારત સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત, UAE અને કતાર જેવા અગ્રણી LPG સપ્લાયર દેશો પાસેથી ગેસ ખરીદીને આ જ માર્ગે ભારત લાવે છે. જો હોર્મુઝ લાંબા સમય સુધી બંધ રહેશે, તો ભારતની મુશ્કેલીઓ વધશે. સૌથી પહેલા LPG સપ્લાય પર દબાણ વધી શકે છે. ભારત પોતાની જરૂરિયાતનો ૬૦ ટકા LPG ઈમ્પોર્ટ કરે છે અને કુલ આયાતનો ૯૦ ટકા હિસ્સો હોર્મુઝના માર્ગથી પસાર થાય છે. એટલે કે ભારતના LPGનો આશરે ૫૪ ટકા હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. જો આ માર્ગ વહેલી તકે નહીં ખુલે તો ભારતમાં ફરી એકવાર LPG સંકટ જોવા મળી શકે છે.યુદ્ધ શરૂ થયા પછી સુરક્ષા વચ્ચે બચતા-બચતા ૧ ૩થી વધુ ટેક્કરો હોર્મુઝ પાર કરીને ભારત પહોંચ્યા છે, પરંતુ હવે ઈરાને તેને સંપૂર્ણપણે બંધ કરવાની જાહેરાત કરી દીધી છે. હોર્મુઝ પરની આ આરપારની જંગની અસર ભારતમાં સિલિન્ડરની કિંમત અને તેના સપ્લાય બન્ને પર જોવા મળી શકે છે. ઓઈલ અને ગેસની સાથે-સાથે ફર્ટિલાઈઝર (ખાતર)ના સપ્લાય પર પણ અસર પડી શકે છે. યુરિયા અને અન્ય ખાતરો માટે પણ ભારત મોટાભાગે ખાડી દેશો પર નિર્ભર છે. જો હોર્મુઝ નહીં ખુલે તો ખાતરના સંકટનો પણ સામનો કરવો પડી શકે છે.

---

### MSUની કોમર્સ ફેકલ્ટી

# ATKT સોલ્વ ના થાય તો પણ ત્રીજા વર્ષમાં પ્રવેશ આપવા NSUIની માંગ

## પ્રથમ વર્ષની એટીકેટી સોલ્વ ન થાય તો પણ વિદ્યાર્થીને ત્રીજા અંતિમ વર્ષમાં પ્રવેશ આપવો જોઈએ

વડોદરા,તા.૧૧

વડોદરાની એમ.એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં પહેલા વર્ષની એટીકેટી સોલ્વ થયા વિના વિદ્યાર્થીનું વર્ષ બગડે નહીં માટે ત્રીજા વર્ષમાં પ્રવેશ આપવાની માંગ કરતું આવેદનપત્ર કોમર્સ ફેકલ્ટીની કચેરીએ એનએસયુઆઈ દ્વારા સુપ્રત કરીને યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું હતું.

ઉલ્લેખનીય છે કે, એમ એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સમાં પ્રથમ વર્ષે એટીકેટી મેળવનાર વિદ્યાર્થીને બીજા વર્ષ સુધી પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ આ એટીકેટી સોલ્વ ન થાય ત્યાં સુધી ત્રીજા અને અંતિમ વર્ષમાં પ્રવેશ અપાતો નથી. આમ એટીકેટી સોલ્વ ન થાય તો વિદ્યાર્થીનું વર્ષ બગડે છે. આ અંગે વિદ્યાર્થીનું વર્ષ ન બગડે એ અંગે એનએસયુઆઈ દ્વારા ફેકલ્ટી ડીનને મળીને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રથમ વર્ષની એટીકેટી સોલ્વ ન થાય તો પણ વિદ્યાર્થીને ત્રીજા અંતિમ વર્ષમાં પ્રવેશ આપવો જોઈએ. પરિણામે વિદ્યાર્થીને પ્રથમ વર્ષની એટીકેટી સોલ્વ કરવા પૂરતો સમય મળે અથવા તો ત્રીજા વર્ષમાં પ્રવેશ આપતા અગાઉ આવા વિદ્યાર્થીઓની એટીકેટી એક્ઝામ પણ લેવા બાબતે એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલા સહિત કાર્યકરો તથા વિદ્યાર્થીઓએ એકત્ર થઈને કોમર્સ ફેકલ્ટી કચેરીએ ઉગ્ર રજૂઆતો કરીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

---

### ચીને હિન્દુઓની આસ્થા પર કર્યો ઘા

# કૈલાશ માનસરોવર યાત્રામાં ભારતીયોને નો એન્ટ્રીનો નિર્ણય

## હવે માત્ર બિન નિવાસી ભારતીય(એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે

બેઈજીંગ, તા.૧૧

ચીન સરકારે જૂન-જુલાઈમાં ભારતીય નાગરિકોને કૈલાશ માનસરોવર યાત્રાની પરમીટ પર પાબંધી લગાવી લીધી છે. ડ્રેગનની અવળચંડાઈને લીધે શ્રદ્ધાળુઓ તિબેટ-ચાઈના બોર્ડર પર અટવાયાં છે. હવે માત્ર બિન નિવાસી ભારતીય (એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. ટૂંકમાં, ડ્રેગને ભારતીય યાત્રાળુઓની આસ્થા પર ઘા કર્યો છે.

થોડાક દિવસો અગાઉ જ ચીન સરકારે ભારતીય શ્રદ્ધાળુઓ માટે કોમન કિચનનો નિયમ લાગુ કર્યો હતો. ધાર્મિક માન્યતા સાથે પ્રાદેશિક સ્વાદ જાળવવો મુશ્કેલ બન્યો હતો તેમ છતાં યાત્રાળુઓએ ચીન સરકારની મનમાની ચલાવી લીધી હતી. આ ઉપરાંત ચાઈના પ્રશાસન દ્વારા વિઝા આપવામાં જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે હાલમાં ૩,૦૦૦થી વધુ ભારતીયોની પરમિટ પેન્ડિંગ પડી છે.

ચીન સરકારના કૈલાશ માન સરોવર યાત્રાને લઈને તઘલઘી નિર્ણયને લીધે શ્રદ્ધાળુઓની પરેશાની વધી છે. આ ઉપરાંત તિબેટ બોર્ડર પર જમાવડો સરહદ પર યાત્રાળુઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. વિઝા અને પરમિટ ન મળવાના કારણે હજારો કિલોમીટર દૂરથી આવેલા ઘણાં યાત્રાળુઓને પવિત્ર યાત્રા કર્યા વિના જ ભારે હૈયે પરત ઘરવાપસી કરી રહ્યાં છે.

ચીન સરકારે એવો નિયમ ઘડ્યો છે, માત્ર પોઈન્ટ પાસપોર્ટ ધરાવતા એનઆરઆઈ (બિન-નિવાસી ભારતીય) હોલ્ડર્સ જ કૈલાશ માનસરોવરની યાત્રા કરી શકશે. ભારતના સામાન્ય નાગરિકો માટે યાત્રાના દરવાજા હાલ પૂરતા બંધ કરી દેવાયા છે.ડ્રેગન શ્રદ્ધાળુઓની આસ્થા સાથે ખિલવાડ કરી રહ્યુ છે તેમ ભારતીય વિદેશ મંત્રાલયે હાલ આ મુદ્દે સંપૂર્ણ ચૂપકીદી સાધી લીધી છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કરવામાં આવ્યું નથી. ગુજરાતના ટુર ઓપરેટરોએ પણ આ મામલે કેન્દ્ર સરકારને લેખિત રજૂઆત પણ કરી હતી.

---

### કલ્યાણ બેનર્જીનું મમતાને અલ્ટીમેટમ

# TMC બરબાદ થઈ ગઈ, છતાં અભિષેકનું ઘમંડ ન ગયું

## કલ્યાણ બેનર્જીને મમતા બેનર્જીના સૌથી વિશ્વાસુ માનવામાં આવે છે હવે તેમણે મમતા બેનર્જી વિરુદ્ધ મોર્ચો માંડ્યો છે

કોલકત્તા, તા.૧૧

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસને સતત ઝટકા લાગી રહ્યાં છે. પહેલા ધારાસભ્યોએ અલગ જૂથ બનાવી લીધું. હવે સાંસદોનું જૂથ પણ તૈયાર થી રહ્યું છે. અત્યાર સુધી ત્રણ રાજ્યસભા સાંસદોએ રાજીનામા આપી દીધા છે. આ વચ્ચે મમતા બેનર્જીના સૌથી વિશ્વાસુ ગણાતા સાંસદ કલ્યાણ બેનર્જીએ પણ મોર્ચો માંડ્યો છે. તેમણે મમતા બેનર્જીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તમે તમારા ભત્રીજા એટલે કે અભિષેક બેનર્જીને પાર્ટીમાં રાખો કે અમને રહેવા દો. અમે બંને સાથે ન રહી શકીએ. આ નિવેદન બાદ તેઓ પણ મમતાનો સાથ છોડી શકે તેવા સંકેત મળવા લાગ્યા છે. તમને જણાવી દઈએ કે અભિષેક બેનર્જી તે સાંસદ છે, જેમણે બળવાખોર સાંસદો વિરુદ્ધ એક દિવસ પહેલા પત્રકાર પરિષદ યોજી પ્રહારો કર્યા હતા.મમતા બેનર્જીએ જે કલ્યાણ બેનર્જીને ચીફ વ્હિપ બનાવવા માટે ૪૦ વર્ષ જૂના સહયોગી કાકોલી ઘોષને પદ પરથી હટાવી દીધા, હવે તે કલ્યાણ બેનર્જી બળવો કરવાના મૂડમાં છે. કલ્યાણ બેનર્જીએ ટીએમસી પ્રમુખ મમતા બેનર્જીને તે અલ્ટીમેટમ આપી દીધું છે કે તેઓ અભિષેકને પસંદ કરે કે પછી મારા જેવા વફાદારોને.રિપોર્ટ પ્રમાણે કલ્યાણ બેનર્જીનું કહેવું છે કે અભિષેક બેનર્જીએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો છે. તે માટે તેમણે કાલની એક ઘટનાનો ઉલ્લેખ કર્યો, જેમાં તેણમે ખુબ જુનિયર વકીલને અભિષેકે કોલકત્તા હાઈકોર્ટમાં પોતાના કેસની દલીલો કરવા માટે પસંદ કર્યા. આ પહેલા કલ્યાણ બેનર્જી તેમનો કેસ લડી રહ્યાં હતા. આ વાતથી તેમને ઝટકો લાગ્યો છે.કલ્યાણ બેનર્જીએ મમતા બેનર્જીને અપીલ કરતા કહ્યું-મે સ્પષ્ટ કહી દીધું છે કે હવે હું અભિષેક બેનર્જી સાથે રહીશ નહીં. ના તેની સાથે કામ કરીશ. તેણે મારી સાથે દુર્વ્યવહાર કર્યો છે, જેને હું ક્યારેય સહન કરીશ નહીં. હું મમતા બેનર્જીને કહીશ કે અભિષેકને ટીએમસીમાં રાખો અને અમને પાર્ટીમાંથી બહાર જવા દો. કે પછી અમને ટીએમસીમાં રાખો અને અભિષેકને પાર્ટીમાંથી કાઢી નાખો. કલ્યાણ બેનર્જીએ સીધો આરોપ લગાવતા કહ્યુ કે અભિષેક બેનર્જીને કારણે ટીએમસી બરબાદ થઈ ગઈ છે. તેમ છતાં તેનું અભિમાન એવું જ છે.

---

### દર વર્ષે ૮૦ કરોડથી વધુનું નુકસાન : રિપોર્ટ

# ભારતીય બેંકો પર AI સ્કેમનો મોટો ખતરો

## ભારતની આશરે ૮૪% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો

નવી દિલ્હી, તા.૧૧

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજી જ્યાં એકતરફ નાણાકીય ક્ષેત્રને આધુનિક બનાવી રહી છે, ત્યાં બીજી તરફ તે ભારતીય બેંકિંગ સેક્ટર માટે એક મોટો માથાનો દુખાવો બની ગઈ છે. બાયોકેચ દ્વારા કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, ભારતની આશરે ૮૪% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો છે. આ સર્વેમાં વિશ્વના ૨૫ દેશોના ૧,૪૪૦ નાણાકીય લીડર્સે ભાગ લીધો હતો, જેમાં ભારત આર્થિક કૌભાંડો અને AI આધારિત ડિજિટલ જોખમોથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં મોખરે રહ્યું છે.આ અહેવાલમાં બેંકિંગ અને નાણાકીય ગુના નિવારણ સાથે જોડાયેલા ભારતના ૧૦૦ અગ્રણી નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. તેમાંથી આશ્ચર્યજનક રીતે ૯૦% નિષ્ણાતોએ સ્વીકાર્યું છે કે તેમની સંસ્થાઓમાં છેતરપિંડીના પ્રયાસોમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે ૮૧%ના વૈશ્વિક સરેરાશ કરતાં ઘણો વધારે છે. અગાઉના વર્ષના સર્વેમાં આ આંકડો માત્ર ૭૦% હતો, જે દર્શાવે છે કે સાયબર ગુનેગારો હવે ભારતીય બેંકોને વધુ નિશાન બનાવી રહ્યા છે. આ ઉપરાંત, ૮૪% ઉત્તરદાતાઓ માને છે કે આગામી વર્ષમાં ફાઈનાન્સ સેક્ટરમાં સુરક્ષાની દ્રષ્ટિએ છૈં એજન્ટ્સ સૌથી નબળી કડી સાબિત થઈ શકે છે.

સર્વેક્ષણમાં નાણાકીય છેતરપિંડીમાં AIની સક્રિય ભૂમિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ભારતના ૯૩% નાણાકીય લીડર્સ માને છે કે AIના કારણે સાયબર ક્રિમિનલ્સના કૌભાંડોની રીતો વધુ હાઈટેક અને જટિલ બની ગઈ છે. વળી, ૯૦% લોકોનું કહેવું છે કે ભવિષ્યમાં છૈંની મદદથી કરવામાં આવતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને સામાન્ય ગ્રાહકોની સાચી પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત પારખવો બેંકો માટે અત્યંત મુશ્કેલ બની જશે.ભારતીય બેંકિંગ લીડર્સ સાયબર છેતરપિંડી જે ઝડપથી અંજામ આપવામાં આવે છે તેનાથી સૌથી વધુ ચિંતિત છે. ભારતમાંથી ૯૫% ઉત્તરદાતાઓએ ફ્રોડની વધતી સ્પીડ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેની સામે વૈશ્વિક સરેરાશ માત્ર ૭૬% છે. આ ફ્રોડના કારણે ભારતીય બેંકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે, જેમાં સર્વેક્ષણમાં સામેલ લગભગ અડધી (૪૮%) ભારતીય બેંકો દર વર્ષે ૧૦ મિલિયન ડોલર એટલે કે આશરે ૮૩ કરોડ રૂપિયાથી વધુ ગુમાવી રહી છે.અહેવાલમાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે ઈન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ ડિજિટલ ફ્રોડના મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે.

ભારતના ૬૬% બેંકિંગ લીડર્સે ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ દ્વારા થતા સ્કેમને વકી રહેલી છેતરપિંડીનું સૌથી મોટું કારણ ગણાવ્યું છે, જે ૫૯%ના વૈશ્વિક સરેરાશથી ઘણું વધારે છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ભારતભરમાં UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)ના ઝડપી સ્વીકાર અને ડિજિટલ ક્રાંતિએ સાયબર ઠગો માટે છેતરપિંડીના નવા અને સરળ રસ્તાઓ ખોલી આપ્યા છે.

### મિડલ ઈસ્ટ ફરી ભડકે બળ્યું

# અમેરિકાના હુમલા બાદ ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી બંધ કર્યું

## કંગાન બંદર અને સીરિક વિસ્તારમાં પણ અમેરિકી હુમલામાં મિલિટરી ઈન્સ્ટોલેશનને નિશાન બનાવવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૧૧

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાનની સર્વોચ્ચ સંયુક્ત સૈન્ય કમાન્ડે વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' ને અમેરિકાના હુમલાને પગલે ફરી એકવાર સંપૂર્ણપણે બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ઈરાને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો કોઈ પણ તેલ ટેન્કર કે વ્યાપારી જહાજ આ દરિયાઈ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરશે તો તેના પર સીધો સૈન્ય હુમલો કરવામાં આવશે.હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી સંવેદનશીલ અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પૈકીનો એક છે, જ્યાંથી દુનિયાભરના તેલ પુરવઠાનો મોટો હિસ્સો પસાર થાય છે. ઈરાનની આ નાકાબંધીને કારણે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજાર અને વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ઈરાનની સત્તાવાર ન્યૂઝ એજન્સીઓ અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના જણાવ્યા અનુસાર, નિયમોનું ઉલ્લંઘન કરનારા બે જહાજોને દરિયામાં પહેલેથી જ નિશાન બનાવવામાં આવ્યા છે. જોકે, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ એ ઈરાનના આ દાવાને નકારી કાઢતા કહ્યું છે કે આ જળમાર્ગ સંપૂર્ણ બંધ નથી થયો અને અમેરિકન જહાજો પર કોઈ સફળ હુમલો થયો નથી.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સંરક્ષણ મંત્રી પીટ હેગસેથના આદેશ પર અમેરિકન દળોએ ઈરાનના અનેક મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર 'સેલ્ફ-ડિફેન્સ સ્ટ્રાઈક' (સ્વ-બચાવમાં હુમલા) શરૂ કર્યા છે. સરકારી ન્યૂઝ એજન્સી "RNA ના અહેવાલ મુજબ ઈરાનના દક્ષિણ ભાગોમાં ભારે બોમ્બમારો થયો છે:કેશમ અને હેંગામ ટાપુઓ પર અજ્ઞાત મિસાઈલો અને પ્રોજેક્ટાઈલ પડવાથી શક્તિશાળી વિસ્ફોટો થયા છે.વ્યૂહાત્મક રીતે મહત્વ ધરાવતા બંદર અબ્બાસ એરપોર્ટ અને સૈન્ય એરબેઝ નજીક શ્રેણીબદ્ધ ધડાકા સંભળાયા છે.કંગાન બંદર અને સીરિક વિસ્તારમાં પણ અમેરિકી હુમલામાં મિલિટરી ઈન્સ્ટોલેશનને નિશાન બનાવવામાં આવ્યા છે.આ સૈન્ય હોળીની આંચ પાડોશી દેશો સુધી પહોંચી ગઈ છે. ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે અમેરિકી હુમલાના જવાબમાં તેમણે બહેરીનમાં સ્થિત અમેરિકી નૌકાદળના 'ફિફ્થ ફ્લીટ' ના મુખ્યાલય પર મિસાઈલો દાગી છે, જેના કારણે બહેરીનમાં એર રેડ સાયરન ગુંજી ઉઠ્યા છે.બીજી તરફ, ઈરાનની 'તસ્નીમ' ન્યૂઝ એજન્સીએ લશ્કરી સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે ઈરાની સેના કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. જો અમેરિકા તેની આક્રમકતા ચાલુ રાખશે, તો મિડલ ઈસ્ટમાં રહેલા તમામ અમેરિકાના હિતો અને લશ્કરી મથકોને ઈરાન નવા સિરાથી ધ્વસ્ત કરી નાખશે. આ તાજા સૈન્ય સંઘર્ષે સમગ્ર ખાડી ક્ષેત્રને ફરી એકવાર યુદ્ધના મુહાને લાવીને ઊભું રાખી દીધું છે.

### ભૂતિયા ડિમોલિશન મામલે મોટો ધડાકો

# ૧૨ દિવસ બાદ મનપાએ કહ્યું કાર્યવાહી સંપૂર્ણરીતે કાયદેસર

## સુરતના નાસિરનગરમાં મકાનો તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે આ કાર્યવાહી કોણે કરી તેને લઈને મામલો ગુંચવાયો હતો

સુરત, તા.૧૧

શહેરના નાસિરનગર વિસ્તારમાં થયેલા ડિમોલિશનને લઈને સર્જાયેલા વિવાદમાં હવે સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીએ સત્તાવાર પક્ષ રજૂ કર્યો છે. મનપાના એડિશનલ સિટી ઈજનેર આશિષ નાયકે મીડિયા સામે આવીને આ ઘટનાને ભૂતિયા ડિમોલિશન ગણાવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમણે જણાવ્યું કે પાલિકાની ટીમે જે પણ કામગીરી કરી છે તે સંપૂર્ણપણે કાયદાના દાયરામાં રહીને કરવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અગાઉથી પોલીસ તંત્રને પણ જાણ કરવામાં આવી હતી. આ ઘટનાના ૧૪ દિવસ બાદ ખુદ અધિકારીએ મૌન તોડ્યું છે.

આશિષ નાયકે જણાવ્યું કે, "ગત તારીખ ૩૦/૦૫/૨૦૨૬ના રોજ મનપાની ટીમ માત્ર ડિમાર્કેશન (હદ નક્કી કરવા) એટલે કે, રોડ ખુલ્લો કરવા માટે નાસિરનગર ખાતે ગઈ હતી. જે સંપૂર્ણપણે કાયદાકીય જોગવાઈઓ અને નિયમો પ્રમાણે જ થયું છે. સુરત મહાનગર પાલિકા સંપૂર્ણપણે અધિકૃત હતું. આ કાર્યવાહીમાં સુલેહ અને શાંતિ જળવાઈ રહે તે માટે અમે અગાઉથી પોલીસ તંત્રને જાણ કરી હતી અને સહયોગ પણ પ્રાપ્ત કર્યો હતો. આ કોઈ ભૂતિયા ડિમોલિશન નથી. આ અંગે તપાસ કમિટીની રચના પણ કરવામાં આવી છે. જેમાં અમે સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છીએ.

આ સાથે તેમણે જણાવ્યુ છે કે, "કેટલાક લોકો રાજકીય લાભ મેળવવાના હેતુથી આ મુદ્દાનો દુરુપયોગ કરી રહ્યા છે અને સોશિયલ મીડિયા તેમજ વિવિધ માધ્યમો દ્વારા ભ્રામક માહિતી પ્રસારિત કરવામાં આવી રહી છે. તેમણે દાવો કર્યો કે, સુરત મહાનગરપાલિકા અને તેના અધિકારીઓ વિશે ગેરસમજ ઉભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેના કારણે અધિકારીઓ અને કર્મચારીઓ પર અનાવશ્યક માનસિક દબાણ સર્જાઈ રહ્યું છે. સત્તાવાર તપાસના પરિણામોની રાહ જોવા અપીલ આશિષ નાયકે શહેરના નાગરિકોને અપીલ કરી છે કે તેઓ અપ્રમાણિત અને અફવાઓ આધારિત માહિતી પર વિશ્વાસ ન કરે અને તપાસ સમિતિના સત્તાવાર અહેવાલની રાહ જુએ."

વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ આ અંગે મુખ્યમંત્રીને પત્ર લખીને મ્યુનિ. કોર્પો.ની જાણ બહાર મેગા ડિમોલિશનની કાર્યવાહી કોણે કરી? તેની સંપૂર્ણ તપાસ માટે ઉચ્ચસ્તરીય કમિટી રચવાની માગ કરી હતી. સાથોસાથ જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં ડો. ચૌધરીએ જણાવ્યું છે કે, ધોળા દિવસે જેસીબી ચલાવવાની હિંમત કોણે કરી? આ તોડફોડ વખતે મનપા અને પોલીસ કોના કહેવાથી હાજર હતી? મનપાની જાણ બહાર બારોબાર આવી કામગીરી થાય તે બાબત ગળે ઉતરે તેવી નથી. તેમની જાણ મુજબ, સેતુબંધ રિયલ્ટી કંપની દ્વારા આ જમીન પારસી માલિક ગુલબેન પાલિયા પાસેથી ખરીદાઈ હતી. આ જમીન સામે આવેલી જમીન આ જ બિલ્ડર ગ્રૂપ દ્વારા પોલીસ-જીંઅની મદદ-કોમ્બિંગ પછી ખાલી કરાવાઈ હતી અને પાલિયા બંગલોઝ પ્રોજેક્ટ વેચાયો હતો. ત્યારબાદ સામેની જમીન પર પાલિયા એલિગન્સ પ્રોજેક્ટ હેઠળ હાઈરાઈઝ બિલ્ડિંગના નવ માળનો પ્રોજેક્ટ મંજૂર થઈ રહ્યો નહોતો. તેના ઉકેલ તરીકે ખાનગી માલિકીની જમીન પરના ઝૂંપડા પર ૪૦ ફૂટનો રોડ બિલ્ડરોએ સામેથી આપી પ્લાન મંજૂર કરાવી રજાચિઠ્ઠી મેળવાઈ હતી.

### ગુજરાત પોલીસનો પ્રજાલક્ષી નિર્ણય

# ૧૫ દિવસમાં જ તમારી કોઈ પણ અરજીનો લાવવો પડશે નિકાલ

## અરજદારોને ન્યાય મેળવવા માટે છેક ગાંધીનગર ડીજીપી કચેરી કે સચિવાલય સુધી આવવું ન પડે તેવી મજબૂત વ્યવસ્થા ઊભી કરાશે

ગાંધીનગર, તા.૧૧

રાજ્યના નાગરિકોની રજૂઆતો અને ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ જ સત્વરે અને સમયસર નિકાલ થાય તે માટે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિક દ્વારા એક મહત્વપૂર્ણ કચેરી હુકમ જારી કરવામાં આવ્યો છે. આ હુકમનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસની કામગીરીને વધુ પ્રજાલક્ષી બનાવવાનો અને અરજદારોને પોતાના નાના-મોટા પ્રશ્નો કે ન્યાય મેળવવા માટે છેક ગાંધીનગર, ડીજીપી કચેરી કે સચિવાલય સુધી આવવું ન પડે તેવી મજબૂત વ્યવસ્થા ઊભી કરવાનો છે. આ કચેરી હુકમ અન્વયે હવેથી રાજ્યના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈને પોલીસ સ્ટેશનના થાણા અમલદારો માટે સ્થાનિક સ્તરે જ પ્રજાના પ્રશ્નો સાંભળવા માટે ફરજિયાત દરરોજ બે કલાક ફાળવવાનો કડક આદેશ કરવામાં આવ્યો છે.

આ નવીન વ્યવસ્થા અંતર્ગત, ઉચ્ચ પોલીસ અધિકારીઓ જેવા કે તમામ પોલીસ કમિશનર, સંયુક્ત, અધિક, નાયબ કે મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાઓ તેમજ પોલીસ અધિક્ષકોએ દરરોજ સવારે ૧૨:૦૦ થી ૧૪:૦૦ કલાક (બે કલાક) દરમિયાન ફરજિયાત પોતાની કચેરીમાં હાજર રહી મુલાકાતીઓને સાંભળવાના રહેશે અને તેમની લેખિત અરજી પર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં મુખ્ય અધિકારી હાજર ન રહી શકે, તો કચેરીના સિનિયર અધિકારી અથવા રીડર દ્વારા અરજદારોની રજૂઆતો સાંભળીને અરજી મેળવવાની રહેશે અને તેને અધિકારીના ધ્યાન પર અગ્રતાના ધોરણે મૂકવાની રહેશે જેથી અરજદારને કચેરીએથી પરત ન ફરવું પડે.

સ્થાનિક સ્તરે પ્રજા સાથે સીધા જોડાયેલા પોલીસ ઈન્સ્પેક્ટરો સામાન્ય રીતે સવારના સમયે કોર્ટની મુદત, તપાસ કે સોગંદનામાની કામગીરીમાં વ્યસ્ત રહેતા હોવાથી, તેઓના માટે પણ મુલાકાતનો ચોક્કસ સમય નક્કી કરાયો છે. તમામ થાણા અમલદારોએ દરરોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ (બે કલાક) સમયગાળામાં પોતાના પોલીસ સ્ટેશનમાં અચૂક હાજર રહીને મુલાકાતીઓને રૂબરૂ મળવાનું રહેશે. તેઓએ સ્થાનિક નાગરિકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી, લેખિત અરજી સ્વીકારીને તેના પર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે, જેથી કોઈપણ સામાન્ય નાગરિકને પોતાના પ્રશ્નના ઉકેલ માટે ઉપરની કચેરીઓ સુધી જવાની જરૂર જ ન પડે. અરજીઓના નિકાલ માટે કડક સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત આર્થિક ગુનાઓ, વૈવાહિક કે પારિવારિક વિવાદો, તબીબી બેદરકારીના વિવાદો તેમજ ભ્રષ્ટાચારને લગતા આક્ષેપો ધરાવતી અરજીઓનો નિકાલ ૬ અઠવાડિયામાં અચૂક થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે, જ્યારે આ સિવાયની અન્ય તમામ પ્રકારની સામાન્ય અરજીઓનો નિકાલ વધુમાં વધુ ૧૫ દિવસમાં કરવાનો રહેશે.

વહીવટી પારદર્શિતા માટે રજૂઆત કરવા આવતા દરેક અરજદારોની વિગતો રાખવા માટે દરેક કચેરીમાં નિયત રજિસ્ટર રાખવાની પણ સૂચના અપાઈ છે. અરજીની પ્રાથમિક તપાસ દરમિયાન જો કોઈ પણ સંજ્ઞેય ગુનો બન્યો હોવાનું માલૂમ પડે, તો તે અંગે તાત્કાલિક અસરથી FIR નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાના આદેશ અપાયા છે. શ્રી જી.એસ. મલિકે દરેક અરજીની તપાસ સંપૂર્ણ તટસ્થ અને ન્યાયિક રીતે થાય તે બાબત પર ખાસ ભાર મૂકીને તમામ પોલીસ અધિકારીઓને આ સૂચનાઓનું અચૂકપણે પાલન કરવા કડક આદેશ કર્યો છે.

### સિપ્રીના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો

# ભારતે ૨૦૨૫માં સૈન્ય પર નવ લાખ કરોડનો વિક્રમી ખર્ચ કર્યો

## વિશ્વસ્તરે હથિયારો અને સૈન્ય ખર્ચ પર નજર રાખતી સ્વીડનની જાણીતી સંસ્થા સિપ્રીનો રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૧

વર્ષ ૨૦૨૫માં ભારતે તેના સૈન્ય આધુનિકીકરણ અને સુરક્ષા પાછળ ૯૨.૧ અબજ ડોલર (આશરે રૂ. નવ લાખ કરોડ) ખર્ચ્યા છે. આ સાથે ભારત વિશ્વમાં સૈન્ય સાધનો પાછળ ખર્ચ કરનાર પાંચમો સૌથી મોટો દેશ બની ગયો છે. એક રીતે પાકિસ્તાન જેવા દુશ્મન દેશ અને કપટી ચીનના પડકારો વચ્ચે ભારત સરકારે સંરક્ષણ ક્ષેત્રને ખૂબ ગંભીરતાથી લીધુ છે. ભારતનો આ સંરક્ષણ ખર્ચ ૨૦૨૪ની સરખામણીએ ૮.૯ ટકા વધુ છે તેમ વિશ્વસ્તરે હથિયારો અને સૈન્ય ખર્ચ પર નજર રાખતી સ્વીડનની જાણીતી સંસ્થા સિપ્રી એ પોતાના 'ઈયરબુક ૨૦૨૬'ના રિપોર્ટમાં જણાવ્યું છે. આ રિપોર્ટમાં ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ગંભીર સૈન્ય ટકરાવનો પણ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને સિપ્રીએ 'અસાધારણ રીતે ગંભીર સૈન્ય સંકટ' ગણાવ્યું છે. સિપ્રીના મતે, વિશ્વભરમાં વધતા ભૂ-રાજકીય તણાવ અને યુદ્ધોને કારણે વૈશ્વિક સૈન્ય ખર્ચમાં સતત ૧૧માં વર્ષે વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં વિશ્વના તમામ દેશોએ મળીને પોતાની સેનાઓ પર રેકોર્ડ ૨.૯ ટ્રિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે, જે વિશ્વની કુલ જીડીપીના ૨.૫ ટકા છે. સિપ્રીના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. સેના પર ખર્ચ કરનારા ટોચના ૫ દેશોમાં - અમેરિકા(૯૫૪ અબજ ડોલર), ચીન(૩૩૬ અબજ ડોલર), રશિયા(૧૯૦ અબજ ડોલર) અને ચોથા સ્થાને ઝડપથી સૈન્ય બજેટ વધારી રહેલું જર્મની છે, જ્યારે ૯૨.૧ અબજ ડોલરના સૈન્ય બજેટ સાથે ભારત પાંચમા સ્થાને છે. રિપોર્ટ અનુસાર, વિશ્વના ટોચના ૧૫ દેશોનો વૈશ્વિક સૈન્ય ખર્ચમાં ૮૦ ટકા હિસ્સો છે, જેમાંથી ઘણા દેશો ગાઝા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધોમાં સીધી કે પરોક્ષ રીતે સામેલ છે. સિપ્રીએ મે-૨૦૨૫માં થયેલા ભારત-પાકિસ્તાન ટકરાવને વર્ષની સૌથી ખતરનાક ઘટનાઓમાંની એક ગણાવી છે. રિપોર્ટના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ સંઘર્ષ દરમિયાન ભારતે પાકિસ્તાનના તે હવાઈ અને મિસાઈલ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા, જેની પરમાણુ ભૂમિકા હોવાની આશંકા હતી. જોકે, બંને પક્ષોએ સમજદારી દાખવી તણાવને વધુ વધતો અટકાવ્યો હતો.રિપોર્ટ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ની શરૂઆત સુધીમાં વિશ્વના ૯ પરમાણુ સંપન્ન દેશો (અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયેલ) પાસે કુલ મળીને લગભગ ૧૨૧૮૭ પરમાણુ હથિયારો છે. ભારત અને પાકિસ્તાનના પરમાણુ આધુનિકીકરણ પર રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારત પાસે પરમાણુ વોર્હેડ્સની સંખ્યા વધીને લગભગ ૧૯૦ થઈ ગઈ છે. ભારત લાંબા અંતરની મિસાઈલો વિકસાવી રહ્યું છે જેની પહોંચમાં સમગ્ર ચીન આવી શકે, જોકે તેનું ધ્યાન પરંપરાગત દુશ્મન પાકિસ્તાન પર પણ યથાવત છે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે ભારત વિશ્વના ટોચના ૫ સૌથી મોટા હથિયાર ખરીદનાર દેશોમાં સામેલ રહ્યું છે. આ યાદીમાં ભારતની સાથે યુક્રેન, સાઉદી અરેબિયા, કતાર અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે થતી કુલ હથિયારોની આયાતમાં આ પાંચ દેશોનો હિસ્સો એકલા ૩૫ ટકા રહ્યો છે.

### બિલ ગેટ્સના સનસનીખેજ દાવાથી દુનિયા ચોંકી

# અફેર અંગે એપસ્ટિન બ્લેકમેઈલ કરી રહ્યો હતા

## એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે

વૉશિંગ્ટન, તા.૧૧

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે. બિલ ગેટ્સે જણાવ્યું છે કે જાતીય ગુનેગાર જેફરી એપસ્ટિને તેમના જૂના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધો)ને લઈને તેમને બ્લેકમેઈલ કર્યા હતા. એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે. બિલ ગેટ્સ અમેરિકન સંસદની 'હાઉસ ઓવરસાઈટ એન્ડ ગવર્નમેન્ટ રિફોર્મ કમિટી' સમક્ષ હાજર થયા હતા, જે સમિતિ એપસ્ટિન મામલામાં વહીવટીતંત્રે કરેલી કામગીરી અને તેની સાથે જોડાયેલા વગદાર લોકોના નેટવર્કની તપાસ કરી રહી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેઓ પરોપકારના કાર્યોના મામલે એપસ્ટિને મળ્યા હતા, ત્યારે તેઓ તેના ગુનાઓની ગંભીરતાને પૂરી રીતે સમજી શક્યા નહોતા.બિલ ગેટ્સે સમિતિ સમક્ષ જણાવ્યું હતું કે, 'આ અફેર્સને અને એપસ્ટિન સાથેની મારી વાતચીતને કોઈ લેવાદેવા નહોતી, પરંતુ આ આખો મામલો મારા પરિવાર માટે ખૂબ જ દુઃખદ હતો. એપસ્ટિને મારી આ ભૂલનો ફાયદો ઉઠાવ્યો અને તેના પર અનેક જૂઠી વાતો ઉમેરીને મારી પર ફરીથી તેની સાથે જોડાવા માટે દબાણ કર્યુ હતું.' જોકે, બિલ ગેટ્સે એપસ્ટિન સાથે કોઈ પણ પ્રકારના અંગત કે દોસ્તીના સંબંધો હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે એપસ્ટિન સાથે તેમની મુલાકાતો માત્ર ચેરિટી, ગ્લોબલ હેલ્થ અને ફંડ એકઠું કરવા જેવા સામાજિક કામો પૂરતી જ સીમિત હતી.સાંસદોને આપેલા જવાબમાં બિલ ગેટ્સે જણાવ્યું હતું કે, હું ક્યારેય તેના ટાપુ, તેના ફાર્મહાઉસ કે ફ્લોરિડાવાળા ઘરે ગયો નથી. મેં ક્યારેય કોઈનું શોષણ કર્યુ નથી. બની શકે કે તેણે અંગત સંબંધો વધારવાનો પ્રયાસ કર્યો હોય, પરંતુ મારો આવો કોઈ રસ નહોતો અને મેં ક્યારેય તેની સામે હાથ લંબાવ્યો નથી. હું એપસ્ટિન સાથે વર્ષ ૨૦૧૧માં જોડાયો હતો, જે એવો સમય હતો જ્યારે એપસ્ટિન ફ્લોરિડામાં વેશ્યાવૃત્તિના આરોપમાં જેલની સજા કાપી ચૂક્યો હતો.બિલ ગેટ્સે જણાવ્યું કે, 'વર્ષ ૨૦૧૪માં જ્યારે મને સમજાયું કે એપસ્ટિન દ્વારા ચેરિટી માટે ફંડ એકઠું કરવાના પ્રયાસો નકામા જઈ રહ્યા છે, ત્યારે તેમણે તેની સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. ગેટ્સના જણાવ્યા મુજબ, તે વળાંક પર મને સમજાયું કે એપસ્ટિન પોતાના વાયદા ક્યારેય પૂરા નહીં કરે, તેથી મેં તેને કહી દીધું હતું કે હવે આપણે આગળ કોઈ વાત નહીં કરીએ અને તેની સાથે મળવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું હતું.' ગેટ્સે એ બાબત પણ નોંધી હતી કે તેમણે ક્યારેય એપસ્ટિનને કોઈ ગુનાહિત કૃત્ય કરતો જોયો નહોતો.સંસદની આ દ્વિપક્ષીય સમિતિએ બિલ ગેટ્સ પર તીખા સવાલોનો મારો ચલાવ્યો હતો. બંને પક્ષના સાંસદોએ પૂછ્યું કે જ્યારે એપસ્ટિનના જૂના ગુનાઓ અને સજાની વાત જગજાહેર હતી, તો ગેટ્સ તેને કેમ મળતા રહ્યા? કમિટીના ટોચના ડેમોક્રેટિક સાંસદ રોબર્ટ ગાર્સિયાએ સુનાવણી બાદ જણાવ્યું કે બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે તેમને એપસ્ટિનના જૂના ગુનાઓની માહિતી હતી. બીજી તરફ, રિપબ્લિકન સાંસદ ટિમ બર્ચેટે એપસ્ટિનને 'જેન્ડ કલેક્ટર' ગણાવતા કહ્યું કે એપસ્ટિન મોટા અને વગદાર લોકોને એકઠા કરવાનો શોખીન હતો જેથી તે પોતાનો પ્રભાવ વધારી શકે અને આ રીતે જ તેણે લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હતા.

### મણિપુર ફરી ભડકે બળ્યું

# ૨૮ દિવસથી ગુમ ૬ નાગા લોકોની નિર્દયતાપૂર્વક હત્યા

## ઘટના પછી નાગા અને કુકી સમુદાય વચ્ચે તણાવ વધી ગયો અને બંને તરફથી કુલ ૪૪થી ૪૮ લોકોને બંધક બનાવી લેવાયા હતા

નવી દિલ્હી, તા.૧૧

મણિપુરના કાંગપોકપી જિલ્લાના લેઈલોન વૈફેઈ ગામમાંથી છ લોકોના અત્યંત ખરાબ હાલતમાં મૃતદેહ મળી આવ્યા છે, જેના કારણે રાજ્યમાં ફરીથી મોટો તણાવ ઊભો થયો છે. આ મૃતદેહ ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા ફરતી વખતે અપહરણ કરાયેલા છ નાગા નાગરિકોના હોવાની આશંકા છે. મણિપુર પોલીસ, CRPF અને આસામ રાઈફલ્સના 450 જવાનોની 15 ટીમોએ સ્નિફર ડોગ્સ અને ફોરેન્સિક ટીમની મદદથી સતત 24 કલાક સુધી મોટું સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ ઓપરેશન પછી બુધવારે બપોરે આ લાશ મળી આવી હતી. જોકે, મૃતદેહ એટલી હદે સડી ગયા છે કે તેને માત્ર જોઈને ઓળખવા મુશ્કેલ છે. મણિપુર પોલીસે સોશિયલ મીડિયા પર આ અંગે સત્તાવાર માહિતી આપીને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. હવે આ લોકોની સાચી ઓળખ કરવા માટે મૃતદેહને ઈમ્ફાલની JNIMS અને RIMS હોસ્પિટલમાં DNA ટેસ્ટ માટે મોકલવામાં આવશે.

લેઈલોન વૈફેઈ ગામમાંથી શવ મળવાની વાત વાયુવેગે ફેલાઈ જતાં જ નાગા સમુદાયના લોકો અને મૃતકોના સંબંધીઓ મોટી સંખ્યામાં JNIMS અને RIMS હોસ્પિટલ ખાતે એકઠા થઈ ગયા હતા. ધીમે-ધીમે આ ભીડ ઉગ્ર બનવા લાગી હતી અને હોસ્પિટલને ઘેરી લીધી હતી. પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસે તાત્કાલિક બેરિકેડ્સ લગાવી દીધા હતા અને ઉગ્ર બનેલી ભીડને વિખેરવા માટે ટીયર ગેસ છોડવો પડ્યો હતો.

આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે બુધવાર સાંજે સેનાપતિ જિલ્લામાં એક ઉગ્ર ટોળાએ બે ટ્રકોને આગ ચાંપી દીધી હતી, જોકે સદનસીબે આ આગજનીમાં કોઈ જાનહાનિ થઈ નથી.પરિવારજનો અને અલગ-અલગ સંગઠનોના જણાવ્યા મુજબ, લાપતા થયેલા આ છ નાગા પુરુષોના નામ મનુ થિયુમાઈ, કેનપીબૌ, ફેનરોન્ગવી થિયુમાઈ, દિલીપ થિયુમાઈ, કાલિવાન્ગબૌ અબોનમાઈ અને સીએચ ફેનરીલુંગ છે.

આ તમામ લોકો ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા આવી રહ્યા હતા, ત્યારે લેઈલોન વૈફેઈ ગામ પાસેથી અચાનક ગાયબ થઈ ગયા હતા.વાસ્તવમાં આ આખો મામલો 13 મેના રોજ નોની અને કાંગપોકપી જિલ્લામાં ફાટી નીકળેલી હિંસા સાથે જોડાયેલો છે. તે દિવસે ત્રણ પાદરીઓ સહિત ચાર લોકોની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના પછી નાગા અને કુકી સમુદાય વચ્ચે તણાવ વધી ગયો અને બંને તરફથી કુલ 44થી 48 લોકોને બંધક બનાવી લેવાયા હતા. તેમાંથી મહિલાઓ અને બાળકો સહિત કેટલાક લોકોને શરૂઆતમાં જ છોડી દેવાયા હતા. ત્યારબાદ, સરકારે નાગા લોકોને સુરક્ષિત પાછા લાવવાનો ભરોસો આપ્યો એટલે નાગા સંગઠનોએ પણ દયા રાખીને પોતાના કબજામાં રહેલા કુકી સમુદાયના 14 લોકોને મંગળવારે મુક્ત કરી દીધા હતા. પરંતુ તેના બીજા જ દિવસે આ છ નાગા નાગરિકોના મૃતદેહ મળી આવ્યા. લિયાન્ગમાઈ નાગા કાઉન્સિલના પ્રમુખ ટિમોથીએ ભારે દુઃખ સાથે જણાવ્યું કે,

આ ક્રૂર હત્યાથી અમારો આખો સમુદાય આઘાતમાં છે.આ ભયાનક હત્યાકાંડ સામે નાગા સમુદાયની સર્વોચ્ચ સંસ્થા 'યુનાઈટેડ નાગા કાઉન્સિલ' (UNC)એ ભારે રોષ વ્યકત કર્યો છે અને નાગા પ્રભુત્વવાળા વિસ્તારોમાં 24 કલાકના બંધનું એલાન આપ્યું છે. આ સાથે જ નાગા સંગઠને રાજ્યના ડેપ્યુટી સીએમ નેમચા કિપગેનને તેમના પદ પરથી તાત્કાલિક હટાવવાની આકરી માગ કરી છે. સંગઠનનો આરોપ છે કે ડેપ્યુટી સીએમ નેમચા કિપગેન એ 'કુકી નેશનલ ફ્રન્ટ-પી' (KNF-P)ના પ્રમુખ સેમટિનથાંગ કિપગેનના પત્ની છે.

### આણંદના મોગર નજીક

# ડેરીમાંથી શંકાસ્પદ ૪૦૦ કિલો માવો અને ૧૦૦ કિલો પનીર ઝડપાયું


## એલસીબી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા સંયુક્ત રેડ કરીને નમૂનાઓને તપાસ માટે એફએસએલમાં મોકલાયા

આણંદ, તા.૧૧

આણંદ જિલ્લામાં મોગર ગામ પાસે આવેલી અંબિકા ડેરીમાં આણંદ એલસીબી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સંયુક્ત રેડ કરીને સ્થળ પરથી અંદાજે ૪૦૦ કિલો જેટલો શંકાસ્પદ 'ડેલીસિયસ સ્વીટ' મીઠો માવો અને ૧૦૦ કીલો પનીરનો જથ્થો કબજે કરી તેના નમુના વધુ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જેના કારણે ભેળસેળીયા તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આણંદ નજીકના મોગર ગામે સીમ વિસ્તારમાં આવેલી અંબિકા ડેરી નામની ફર્મમાં સંદીપકુમાર અશોકભાઈ શર્મા નામનો સેક્સ ડેલીસીયસ સ્વીટ નામનો મીઠાઈ બનાવવા માટે વપરાતો કાચો માલ તૈયાર કરીને સપ્લાય કરતો હોવાની ફેક્ટરી ચલાવે છે. જેમાં માવો તેમજ પનીર તૈયાર કરવામાં આવતું હોય છે. આ માલ મહારાષ્ટ્રના મીઠાઈના વેપારીઓને મોકલવામાં આવતો હતો. આ બાબતની જાણ આણંદના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને થઈ હતી જેથી તેમણે પોલીસને સાથે રાખીને આણંદ એલસીબી ની મદદથી અંબિકા ડેરી ફાર્મ ખાતે છાપો માર્યો હતો ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં ખરાબ થઈ ગયેલો જથ્થો જોવા મળ્યો હતો. જેમાં શંકાસ્પદ ૪૦૦ કિલો માવો તથા ૧૦૦ કિલો પનીર ઉપરાંત અખાદ્ય કાચો માલ પણ મળી આવ્યો હતો. આ તમામ જથ્થો તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો અને તેમાંથી નમુના લઈને એફએસએલ ની લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. અહીં ગાયના ઘી માંથી જ માવો તેમજ પનીર બનાવવામાં આવતું હોવાના રૂપાળા નામ આપીને લોકોને વિશ્વાસ થાય તે રીતે પેકિંગ કરીને વેચવામાં આવતું હોવાનું પણ જાણવા મળ્યું છે. આ કાર્યવાહી દરમિયાન ફૂડ સેફ્ટી અધિકારીઓ સાથે એફએસએલની ટીમ પણ હાજર રહી હતી, જેઓએ નિયમ મુજબ નમૂનાઓ એકત્રિત કરી વધુ તપાસ માટે મોકલ્યા હતા.અધિકારીઓના જણાવ્યા મુજબ પ્રાથમિક તબક્કે માવાની ગુણવત્તા અંગે શંકા ઉભી થતાં તેના સેમ્પલ લેવામાં આવ્યા છે. લેબોરેટરીમાં તપાસ પૂર્ણ થયા બાદ મળનારા રિપોર્ટના આધારે સંબંધિત જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ કાર્યવાહી બાદ જિલ્લામાં ભેળસેળ કરતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. છેલ્લા કેટલાક સમયથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ડેલીસીયસ સ્વીટ માવો, પનીર સહિત વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તંત્રની આ કાર્યવાહીથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે ફરી એકવાર ચર્ચા અને ચકચાર જાગી છે.ગુજરાતભરમાં તૈયાર મળતી ખાદ્ય ચીજોમાં મોટાપાયે ભેળસેળ થતી હોવાને કારણે જાહેર જનતાના આરોગ્ય ઉપર ખતરો મંડાયો છે. દૂધ ઘી અને પનીર સહિતના ખાદ્ય પદાર્થોમાં અવારનવાર આ પ્રકારે ભેળસેળ કરવામાં આવતી હોવાના અનેક કિસ્સાઓ અખબારોના પાને ચમકતા રહે છે તેમ છતાં તંત્રની રહેમનજર અને મિલીભગત તેમજ ભ્રષ્ટાચારના કારણે આ વેપલો ચાલતો જ રહે છે. નકલી બાવા ઉપરાંત નકલી પનીર તેમજ ભેળસેળયુક્ત ઘી વગેરે મોટાભાઈ ઉત્પાદન કરીને સપ્લાય કરવામાં આવતું હોય છે. જેનો ઉપયોગ ખોરાક અને ખાદ્ય સામગ્રી બનાવવા માટે થતો હોય છે અને હોટલ તેમજ ખાણીપીણીની લારીઓ અને ખુમચાઓ તથા મીઠાઈ બનાવનારા વેપારીઓને મોકલવામાં આવે છે.

# બાબરાની નવી મામલતદાર કચેરીનું પ્રાંત અધિકારી દ્વારા નિરીક્ષણ, કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થનારી નવ નિર્માણ પામી રહેલી મામલતદાર કચેરીની આજે લાઠી પ્રાંત અધિકારી દ્વારા સ્થળ મુલાકાત લઈ કામગીરીનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારીએ બિલ્ડિંગના વિવિધ વિભાગો, શાખાઓ તેમજ બાકી રહેલા બાંધકામના કામોનું જીણવટભર્યુ અવલોકન કરી કોન્ટ્રાકટરને ગુણવત્તા જાળવી ઝડપથી કામગીરી પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. નિરીક્ષણ દરમિયાન પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે બાબરામાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અને જિલ્લાની શ્રેષ્ઠ કચેરીઓમાં સ્થાન મેળવે તેવી મામલતદાર કચેરીનું નિર્માણ થઈ રહ્યું છે. કચેરીના બાંધકામની ગુણવત્તા અંગે સંતોષ વ્યક્ત કરતાં તેમણે બાકી રહેલા કામો સમયસર પૂર્ણ કરી વહેલી તકે લોકાર્પણ કરવામાં આવે અને સામાન્ય જનતા માટે કચેરી કાર્યરત બને તે માટે ભાર મૂકયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ બાબરાની મામલતદાર કચેરી શહેરથી આશરે ચાર કિલોમીટર દૂર કાર્યરત હોવાથી રોજિંદા વહીવટી કામો માટે આવતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને વાહન વ્યવહારની સુવિધાના અભાવે સામાન્ય લોકોને ઓટો રિક્ષાના રૂા. ૧૦૦ થી ૨૦૦ સુધીના ખર્ચનો બોજ સહન કરવો પડે છે. આવી સ્થિતિમાં શહેરની નજીક નિર્માણાધીન નવી મામલતદાર કચેરી ઝડપથી કાર્યરત બનશે તો હજારો નાગરિકોને મોટી રાહત મળશે અને સરકારી સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે. પ્રાંત અધિકારીની મુલાકાત દરમિયાન નાયબ મામલતદાર એ.વી. મકવાણા, નગરપાલિકા સભ્ય અંકુરભાઈ જસાણી, અશ્વિનભાઈ મકવાણા, શહેર ભાજપ અગ્રણી ભુપતભાઈ બસિયા, કોન્ટ્રાકટર દિલીપભાઈ ગેલાણી સહિતના આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહી કામગીરી અંગે ચર્ચા કરી હતી. બાબરાના વિકાસને નવી દિશા આપનારી આ કચેરી ટૂંક સમયમાં કાર્યરત બનશે તેવી આશા વચ્ચે સ્થાનિક નાગરિકોમાં પણ ઉત્સાહ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## વિમાન દુર્ઘટનામાં મોતને ભેટેલ

એક વર્ષે પણ હજુ ભૂલી શકયા નથી. તેઓ કહે છે પુત્રીના મોત બાદ મળતી તમામ સહાય જમાઈને મળી હતી. તેમણે સહાયના નાણાંથી જ છ મહિનામાં જ બીજા લગ્ન કરી લીધા છે અને માતા ગીતાબેન આ દર્દને હજુ ભૂલી શકયા નથી તેઓ કહે છે પુત્રીના મોત બાદ મળતી તમામ સહાય જમાઈને મળી હતી. તેમણે સહાયના નાણાંથી જ છ મહિનામાં જ બીજા લગ્ન કરી લીધા છે અને તેમણે પ્રી વેડિંગ ફોટોશૂટ પણ કરાવ્યું હતું. અમારૂં તો બધું જ લૂંટાઈ ગયું છે. મારી દીકરી અમારા ઘરની રોનક હતી જે અમારાથી છીનવાઈ ગઈ છે.

મૃતક રિધ્ધિ પડસાલાએ મૂળ રાજકોટના યુવાન સાથે લગ્ન કર્યા હતા જે યુવાન લંડનમાં સ્થાયી થયો હતો. ગત મેં મહિનામાં તે પરિવારને મળવા આવી હતી અને ૧૨ જૂનના રોજ પરત લંડન જવા નીકળી હતી પરંતુ દુર્ઘટનામાં મોત થયું હતું.

દીકરીએ કહ્યું હતું હું પ્લેનમાં સૂઈ જઈશ હવે તમે ઘરે જાઓ, લંડન પહોંચી ફોન કરીશ ગીતાબેન પડસાલા કહે છે કે એરપોર્ટ પર સામાન ચેક કરીને પુત્રી અંદર ગઈ ત્યારે કહ્યું હતું તમે બધા આખી રાત જાગ્યા છો ઘરે જઈને સૂઈ જાઓ હું પણ પ્લેનમાં સૂઈ જઈશ અને લંડન પહોંચીને તમને ફોન કરીશ. જો કે પુત્રીનો ફોન આવવાને બદલે તેના અકસ્માતનો ફોન આવ્યો હતો.

પ્લેન ક્રેશ ઘટનાને એક વર્ષ પૂર્ણ થયું છે. આ દુર્ઘટનામાં રિદ્ધિ પડશાલા ઉપરાંત અમરેલીના એક દંપતી સહિત જિલ્લાના ૬ લોકોના પણ મોત થયા હતા. વડીયામાં પત્નીની અંતિમ વિધિ માટે આવેલો યુવાન લંડન પરત ફરતો હતો ત્યારે તે પણ કાળનો કોળિયો બની ગયો હતો.

માતા ગીતાબેન જણાવે છે કે, અમે જયારે હોસ્પિટલે પહોંચ્યા ત્યારે ચારે તરફ રાડારાડ હતી. અમને હતું કે ઈજા થઈ હશે, પરંતુ ખબર પડીકે કોઈ બચ્યું નથી. કોઈના મૃતદેહ પણ ઓળખાય તેમ ન હતા. ડીએનએ ટેસ્ટ બાદ પાંચ દિવસે અમને મૃતદેહ સોંપાયો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની તાલુકા પંચાયતમાં નિયમ વિરૂધ્ધ

તા. ૩૧/૧/૨૦૨૦ સુધીમાં દુર કરવા જણાવેલ છે. પરંતુ આ એસીને ઓફીસની અંદર ચાલુ રાખી તાલુકા પંચાયત અમરેલીને વીજ ભારથી લાઈટ બિલમાં આ નાણાકીય નુકશાન સરકારના આદેશો હોવા છતા જાણી જોઈને તાલુકા પંચાયતના નાણાકીય આર્થિક નુકશાન પહોચાડયુ છે. અને હજુ પણ સરકારના નિયમોની ઐસી તેસી કરી ઓફીસની અંદર આવી ભૈતિક સુવિધાઓ ભોગવી સરકારને નુકશાન કરી રહયા છે. તો આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલીક અસરથી આ એસી દુર કરી સરકારના નાણાકીય નુકશાન અટકાવવા પગલા અંતમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ચકકરગઢ માર્ગ ઉપર

પ્રાથમિક માહિતી મુજબ તોડફોડ કરનારા શખ્સો નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું છે. જોકે સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. શહેરના સંવેદનશીલ અને શૈક્ષણિક વિસ્તાર નજીક બનેલી આ ઘટનાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

દરમિયાનમાં ભાજપનાં નગરસેવિકા કોમલબેન રામાણીએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ચકકરગઢ રોડ ઉપર થોડાક દિવસો પહેલા એક આવાર તત્વ ધ્વારા વેપારીઓનાં ધંધા–રોજગાર રાત્રિનાં સમયે બંધ કરાવીને વેપારીઓને ધમકાવેલ તેમજ ચકકરગઢ રોડ ઉપર આવેલી પટેલ શૈક્ષણિક સંકુલ ધ્વારા જે પ્રવાસમાં જનાર વિદ્યાર્થીનીઓને રાત્રિનાં સમયે સંકુલ આસપાસ ચેનચાળા કરતાં જાણવા મળેલ છે., ચકકરગઢ રોડ ઉપર બાયપાસ ચોકડીએ ચાર દિવસ પહેલા આવારાતત્વોધ્વારાએકરહિશનેસામાન્ય બોલાચાલી બાબતે છરીનાં ઘા મારવામાં આવેલ હતા., ચકકરગઢ રોડ ઉપર એક ગોલાનીલારીઉપરએકદિવસપહેલાદારૂ પીનેઆવેલાબેલુખ્ખાતત્વોધ્વારાવેપારીને આર્થિક નુકસાની પહોંચેલ તેમજ ગોલો ખાવા આવેલ ગ્રાહકો સાથે પણ ગેરવર્તન કરેલ., ચકકરગઢ રોડ ઉપર અંદાજીત બે–ત્રણ મહિના આસપાસ હિન્દુ સંમેલનમાં આવારા તત્વો ધ્વારા સામાન્ય બાબતે મારામારી કરવામાં આવેલ હતી.

વધુમાંજણાવેલછેકે, અમરેલી શહેરનાં ચકકરગઢ રોડ પરનાં મારા મત વિસ્તારમાં સંકુલ પોલીસ ચોકી આવેલ હોય, જે સંકુલ પોલીસ ચોકીમાં હાલમાં કોઈપણ પોલીસ સ્ટાફ ન હોય જેથી આ વિસ્તારનાં લોકો ધ્વારા આ પોલીસ ચોકી ઉપર કોઈપણ બનાવ બને તો જાણ કરવા માટેજાયઅથવારૂબરૂરજૂઆતકરવામાટે મુલાકાત લે તો એવું કહેવામાં આવે છે કે, અહિંયા કોઈ પોલીસનો સ્ટાફ ન હોય જેથી આ વિસ્તારનાં લોકો ધ્વારા આ પોલીસ ચોકીમાં ૨૪ કલાક માટે કાયમી પોલીસ સ્ટાફની વ્યવસ્થા કરવા અંગે અમોને રજૂઆતકરવામાંઆવેછે.જેથીઆપોલીસ ચોકીમાં ૨૪ કલાક માટે કાયમી પોલીસ સ્ટાફની વ્યવસ્થા કરવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, અમુક લુખ્ખા આવારા તત્વોને કારણે રાત્રિનાં સમયે આ વિસ્તારમાં રહેતા લોકોને અવર–જવર કરવામાં તેમજ શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પણ ખૂબ જ મુશ્કેલી પડે છે. જેથી આ પોલીસ ચોકીમાં ૨૪ કલાક માટે કાયમી પોલીસ સ્ટાફની વ્યવસ્થ કરી આપવામાં આવે તેમજ આવા અમુક આવારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી એલસીબીએ

એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. ઝડપાયેલ બન્ને ઈસમોની સઘન પુછપરછ કરતાં બન્ને ઈસમો બે દિવસ પહેલા રાત્રીના મોટર સાયકલ લઈ અમરેલીમાં સોમનાથ મંદિર પાસે ભરવાડ વાડા પાસે આવેલ હનુમાનજી મંદીરે ગયેલ અને મંદિરની ગ્રીલ તોડી દાન પેટીની ચોરી તેમાંથી રોકડ રૂા. ૨૮૦૦ જેટલી રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હતી.

બે દિવસ પહેલા અમરેલીમાં મણીનગરમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિરે ગયેલ અને આ મંદિરમાંથી આશરે રૂ. ૩૦૦ની ચોરી કરેલ કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે છ મહિના પહેલા રાત્રીના સમયે મોટર સાયકલ લઈ અમરેલીમાં કામનાથ મહાદેવ મંદિર ગયેલ અને આ મંદિરમાંથી દાનપેટીની ચોરી કરી આ દાનપેટી તોડી તેમાંથી રોકડ રૂ.૧૪૦૦ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે છ મહિના પહેલા રાત્રીના મોટર સાયકલ લઈ અમરેલી ઠેબી ડેમના કાંઠે ગરીયા જવાના રસ્તા પાસે આવેલ હનુમાનજી મંદિરે ગયેલ અને મંદિરનો દરવાજો તોડી ચોરી કરવાની કોશીષ કરેલ હોવાની હકિકત જણાવેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## નવા ખીજડીયામાં મોક્ષરથનું લોકાર્પણ

નાણાપંચ તાલુકા કક્ષા ગ્રાન્ટમાંથી રૂપિયા ૨.૫૦,૦૦૦ને સરકાર રકમમાંથી રૂપિયા બે લાખનો મોક્ષરથ અને ૫૦,૦૦૦ની સગડી ચાર વર્ષ પહેલા ખરીદી હોવાનું જાણ પર આવેલ ખરેખર ગામે મોક્ષરથ લાવવામાં આવેલ ન હતો અને બારોબાર સરકારી નાણા ચાઉ કરી જવામાં આવેલ જેની તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ કરતા રાતોરાત તાત્કાલિક સરપંચ અને હાલના તાલુકા પ્રમુખનીવાડીમાંતાડપત્રીથીઢકિલહોવાનું બહાનું બતાવી રોજ કામ કરી સમગ્ર પ્રકરણને દબાવવાના પ્રયાસો કરી હાલ ગ્રામજનોને મોક્ષરથ આપવામાં આવેલ નથી તથા એક નવી શંકાસ્પદ ઘટના બની છે. અચાનક પંચાયત ઓફિસ તથા નવા ખીજડીયા પાસે અવેડાની બાજુમાં પહેલા સરકાર દ્વારા ગામની સાફ–સફાઈ માટે આપવામાં આવેલ ટ્રેકટર ટ્રોલી લાલ કલરનું અને આઈશ્રી ખોડીયાર લખેલ ટ્રેકટર ટ્રોલી મૂકી દેવામાં આવેલ છે. વાસ્તવમાંઆટ્રેકટરઅનેટ્રોલીસરકારની ગ્રાન્ટનાહોવાછતાંઆનાઉપરનામવર્ષ લખ્યા વગર અનઅધિકૃત રીતે પ્રાઈવેટ માલિકીનાખેડૂતનાખેતરમાંવપરાશથતો હોવાનું જણાય આવેલ છે અને નવા ખીજડીયા ગામને આ સરકારી વાહન ઉપયોગમાં આવેલ નથી તો સીસીટીવી કેમેરા લાગેલ છે તો આ ટ્રેકટર કોણ મૂકી ગયું અને અત્યાર સુધી કયાં રાજકીય અગ્રણી પોતાની ખેતીમાં ઉપયોગ કરી સરકારી મિલકતનો દૂર ઉપયોગ કરી કરાવી આ પ્રકરણ ઉપર તપાસ પોલીસ કરાવવાઅનેમોક્ષરથવાસ્તવમાંજનતાને તાત્કાલિક જવાબદારોનો બચાવ કર્યા વગર નાગરિકોને આપવામાં અને જવાબદારો સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ અંતમાં કરાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સોનાની બંગડી ચોરી લીધી

હોવાનું અને તેની કિંમત અંદાજે રૂપિયા ૩.૩૫ લાખ હોવાનું જણાવાયું છે.

આ બનાવ બાદ બંને મહિલાઓ ફરાર થઈ ગઈ હતી. અમરેલી શહેર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તથા અન્ય આધારોના આધારે બંને અજાણી મહિલાઓની શોધખોળ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખની છે કે અમરેલીમાં લાખો રૂપિયાની ચોરીની ઘટનાઓ અગાઉ પણ બનેલી છે જેનો ભેદ હજુ પણ ઉકેલ આવ્યો નથી ત્યાં સરા જાહેરમાં ધોળા દિવસે લાખો રૂપિયાની મતા ચોરાઈ જતા સુરક્ષા મુદ્દે અનેક સવાલો ઊભા થયા છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારીનાં ગોપાલગ્રામનાં દલિત યુવકનાં

આવશે અને સમગ્ર કેસની તપાસ કાયદાકીય માપદંડો મુજબ કરવામાં આવશે.

આ લેખિત ખાતરીને પ્રયાને લઈને હાલ પૂરતું આંદોલન સ્થગિત કરવામાં આવ્યું છે. પરંતુ આ લડત અહીં પૂર્ણ થતી નથી. જો નિર્ધારિત સમયમર્યાદામાં SITની રચના નહીં થાય, તપાસમાં કોઈપણ પ્રકારનો વિલંબ, બેદરકારી કે પક્ષપાત જોવા મળશે અથવા પીડિત પરિવારને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને વ્યાપક જનઆંદોલન શરૂ કરવામાં આવશે. આ માત્ર એક પરિવારનો પ્રશ્ન નથી, પરંતુ ન્યાય, સમાનતા, માનવ અધિકારો અને બંધારણીય મૂલ્યોની રક્ષા માટેની લડત છે. સમાજના તમામ ન્યાયપ્રેમી લોકો, યુવાનો અને સંગઠનોને અપીલ છે કે તેઓ આ લડતમાં પીડિત પરિવારની સાથે ઉભા રહે અને સત્ય તથા ન્યાય માટે અવાજ ઉઠાવે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

કામનાથ મંદિર પાસે કોઈ કારણોસર પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી જવાથી તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


બીજા બનાવમાં અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે રહેતા જૈમીન ગીરધરભાઈ ઠુંમર નામના ૨૬ વર્ષીય યુવકે ગત તા. ૯ના રોજ રાત્રે ૧૧ થી તા. ૧૦ના સવારે ૭ વાગ્યાના કોઈપણ સમયે માંગવાપાળ ગામે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જવાથી તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


ત્રીજા બનાવમાં અમરેલી તાલુકાના તરકતળાવ ગામે રહેતા અશોકભાઈ શામજીભાઈ દેવાણી નામના ૫૨ વર્ષીય આધેડ એકલા રહેતા હોય તેમજ લગ્ન થયેલ ન હોય અને પોતે લોન લીધેલ હોય જેની ભરપાઈ કરવાનું માનસિક ટેન્શન રહેતું હોય. જેથી તેમણે કોઈ ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ચોથા બનાવમાં પંચમહાલ જિલ્લાના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામે રહેતા દિનેશભાઈ ચંદુભાઈ નાયક નામના ૩૮ વર્ષીય યુવક ગત તા. ૯ના સાંજના છએક વાગ્યા આસપાસ સાવરકુંડલા–અમરેલી રોડે આવેલ અલ્પેશભાઈ પટેલની વાડીની બાજુમાં પડી ગયેલ હાલતમાં માથામાં વાગી ગયેલ હાલતમાં બીનવારસી મળી આવેલ હોય તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલીનાં ગીર વિસ્તારમાં જાપાનની મિયાઝાકી કેરી રૂપિયા ૧.૫૦થી ૩ લાખ સુધી







અમરેલી જિલ્લાનાં ગીર વિસ્તારમાં કેસર કેરી બાદ હવે વિશ્વ પ્રસિદ્ધ જાપાનની મિયાઝાકી કેરીનું સફળ ઉત્પાદન શરૂ થતાં ખેડૂતો અને બાગાયત ક્ષેત્રમાં નવી આશા જાગી છે. ધારી તાલુકાનાં ગોવિંદપુર ગામે રહેતા પ્રગતિશીલ ખેડૂત નરેન્દ્રભાઈ રમણિકભાઈ વણપરિયાએ પોતાના બગીચામાં મિયાઝાકી કેરીનું સફળ વાવેતર કરીને એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. તેઓએ ગ્રેજયુએટ સુધી અભ્યાસ કર્યો છે અને મૂળ રાજકોટનાં રહેવાસી છે. હાલ તેઓ ગોવિંદપુર ખાતે પાંચ વીઘા જમીનમાં વિવિધ પ્રકારની કેરીનું વાવેતર કરે છે. તેમના બગીચામાં કેસર, બારમાસી સહિત લગભગ ૫૦ જેટલી વિવિધ કેરીની જાતોનું સંવર્ધન કરવામાં આવ્યું છે. આ તમામ જાતોમાં સૌથી વધુ ચર્ચામાં રહેલી જાપાનની મિયાઝાકી કેરી હાલમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. તેઓએ જણાવ્યું હતું કે મિયાઝાકી કેરીનો પ્રથમ છોડ દક્ષિણ ભારતના એક વિસ્તારમાંથી આશરે ૭,૦૦૦ના ખર્ચે મંગાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેના સંવર્ધન દ્વારા આજે પોતાના ખેતરમાં ૧૦૦ જેટલા છોડ તૈયાર કરવામાં આવ્યા છે. આ છોડોની વિશેષ કાળજી લેવામાં આવે છે અને સંપૂર્ણ પણે ઓર્ગેનિક પદ્ધતિથી તેનું સંચાલન કરવામાં આવે છે. મિયાઝાકી કેરીનાં છોડને જીવામૃત, ગોળ, છાશ અને દેશી ખાતર જેવા કુદરતી પોષક તત્વો આપવામાં આવે છે. રાસાયણિક ખાતરો અને દવાઓનો ઉપયોગ ટાળીને ઓર્ગેનિક પદ્ધતિથી ઉત્પાદન મેળવવામાં આવે છે. હાલ ત્રીજા વર્ષે આ છોડમાંથી ઉત્પાદન મળવાનું શરૂ થયું છે. ગયા વર્ષે આશરે ૧૦ કિલોગ્રામ ઉત્પાદન મળ્યું હતું, જયારે આ વર્ષે ૧૦૦ છોડમાંથી અંદાજે ૨૫ કિલોગ્રામ જેટલું ઉત્પાદન પ્રાપ્ત થયું છે. વિશ્વ બજારમાં મિયાઝાકી કેરીને "એગ્સ ઓફ સન" તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની ગાઢ લાલ રંગની છાલ, ઉત્તમ મીઠાશ અને વિશિષ્ટ ગુણવત્તાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની ભારે માંગ છે. આ કેરીનો ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિ કિલોગ્રામ રૂા. ૧.૫૦ લાખથી લઈને ૩ લાખ સુધી પહોંચે છે. તેથી તેને દુનિયાની સૌથી મોંઘી કેરીઓમાં સ્થાન મળ્યું છે. તેઓએ જણાવે છે કે મિયાઝાકી કેરીના છોડ ખૂબ જ સંવેદનશીલ હોવાથી તેની ખાસ દેખરેખ રાખવી પડે છે. યોગ્ય પોષણ, પાણીનું સંચાલન અને જીવાતોથી સુરક્ષા માટે સતત ધ્યાન આપવું જરૂરી બને છે. હાલમાં તેમણે હજુ સુધી આ કેરીનું વ્યાવસાયિક વેચાણ કર્યું નથી, પરંતુ સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી માહિતી પહોંચાડતાં અનેક લોકો ખરીદી માટે સંપર્ક કરી રહ્યા છે. ગીર વિસ્તાર કેસર કેરી માટે વિશ્વ ભરમાં જાણીતો છે, ત્યારે હવે મિયાઝાકી જેવી દુર્લભ અને ઉચ્ચ મૂલ્ય ધરાવતી કેરીનું ઉત્પાદન શરૂ થતાં અમરેલી જિલ્લાના ખેડૂતો માટે આવનારા સમયમાં નવી આવકના દ્વાર ખુલવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક સ્તરે થયેલી આ સફળતા અન્ય ખેડૂતોને પણ ઉચ્ચ મૂલ્ય ધરાવતા ફળોના વાવેતર તરફ પ્રેરણા આપશે.

# લાઠી ખાતે ધારાસભ્ય અને સાસંદ દ્વારા સ્મશાન ભૂમિમાં સ્વચ્છતા અભિયાન યોજાયું



સ્વચ્છતા એ સેવા અને સમાજ પ્રત્યેની જવાબદારીના ભાવને વધુ મજબૂત બનાવવાના ઉદેશ્ય સાથે લાઠી શહેર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં વિશાળ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત લાઠી શહેરના સ્મશાન વિસ્તારની સાફ - સફાઈ કરવામાં આવી હતી અને સ્વચ્છ પર્યાવરણ તેમજ સ્વસ્થ સમાજના નિર્માણ માટે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકનું કર્તવ્ય છે. સમાજના દરેક વ્યક્તિએ પોતાના આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે સંકલ્પબદ્ધ થવું જોઈએ. સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ દ્વારા જ સારા સમાજનું નિર્માણ શકય બને છે. તેમણે જણાવ્યું હતું કે સ્મશાન જેવી જાહેર જગ્યાઓની નિયમિત સફાઈ અને જાળવણી થવી અત્યંત જરૂરી છે, જેથી ત્યાં આવનારા લોકોને સ્વચ્છ અને સુવિધા સભર વાતાવરણ મળી રહે. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય સહિત ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ અને સ્થાનિક આગેવાનોએ સ્વયં સફાઈ કામગીરીમાં જોડાઈ શ્રમદાન કર્યું હતું. સ્મશાન વિસ્તારની ઝાડીઓ દૂર કરવી, કચરો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવો તેમજ સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ સ્વચ્છતા અભિયાનમાં જિલ્લા ભાજપના આગેવાનો, શહેર ભાજપ પ્રમુખ, શહેર ભાજપ મહામંત્રી, નગરપાલિકા પ્રમુખ, શહેર સંગઠનના હોદ્દેદારો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને સ્વચ્છતા જાળવવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છ ભારતના નિર્માણ માટે સતત આવા જનહિતલક્ષી કાર્યક્રમો યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સ્વચ્છતા અભિયાન દ્વારા સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને લોકોમાં જવાબદારીની ભાવના વિકસાવવા માટે મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થતાં લાઠી શહેરમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે સકારાત્મક સંદેશ પ્રસર્યો હતો અને નાગરિકોમાં પણ સ્વચ્છતા પ્રત્યે નવી જાગૃતિ જોવા મળી હતી.

### ધારાસભ્ય અને નગરપાલિકા પ્રમુખ ગરિમામય ઉપસ્થિતિમાં

## સાવરકુંડલાના વોર્ડ નંબર-૩માં વર્ષો પછી નવો સૂર્યોદય : ગટર લાઇનનું ખાતમુહૂર્ત સંપન્ન



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરના વિકાસ પથ પર વધુ એક મહત્વનું કદમ માંડતા, સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણમાં વર્ષોની લાંબી પ્રતીક્ષા બાદ ગટર લાઈનના કામનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પીપરવાડી વિસ્તારમાં આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં આ જનહિતના કાર્યનો વિધિવત પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ઉપપ્રમુખ નૂતનબેન, અગ્રણી જીગ્નેશભાઈ ટાંક, નગરપાલિકાના તમામ સદસ્યો અને શહેર સંગઠનના હોદ્દેદારોએ મોટી સંખ્યામાં હાજરી આપીને કાર્યક્રમને દીપાવ્યો હતો.

સ્થાનિક રહીશોએ વર્ષો પછી પોતાના વિસ્તારની આ મુખ્ય સમસ્યાનો ઉકેલ આવતા વહીવટી તંત્ર અને પદાધિકારીઓનો આભાર વ્યકત કર્યો હતો. ધારાસભ્ય અને પ્રમુખે આગામી સમયમાં પણ સાવરકુંડલાના ખૂણે-ખૂણા સુધી વિકાસના કાર્યો ઝડપભેર પહોંચાડવાની નેમ વ્યકત કરી હતી.

### સાંસદ નિમુબેન બાંભણીયાએ આશા વ્યકત કરી

## ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૩૦ લાખની ગ્રાન્ટ ફાળવાશે

### હોસ્પિટલનાં ટ્રસ્ટીએ તેમનું સન્માન કર્યુ



ટીંબી, તા. ૧૧

ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણીયા, ગઢડા તાલુકાની મુલાકાતે આવ્યા હતા. આ દિવસે પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ બપોરના ૩ કલાકે ઢસા વિસ્તારના પ્રભુદધ નાગરિક અને નિર્દોષાનંદજી હોસ્પિટલ, ટીંબીના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરાના ઘરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. નિમુબેન બાંભણીયાનું ઉષ્માભર્યુ સ્વાગત કરી પુજય સદગુરૂદેવના "જીવન ચરિતામૃત" ગ્રંથ, શાલ અને પુષ્પગુચ્છથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ટ્રસ્ટી બી.એલ. રાજપરા ધ્વારા શ્રી નિર્દોષાનંદજી હોસ્ટિલમાં ચાલતા તદ્દન નિઃશૂલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યોથી મંત્રીને વાકેફ કરવામાં આવેલ. આ તકે મંત્રીએ હોસ્ટિલને સહાયરૂપ થવા રૂા. ૩૦ લાખથી વધુ રકમની ગ્રાન્ટ ફાળવવા પોતેજ ઈચ્છા વ્યકત કરી હતી. આ ઉપરાંત રાજપરાએ હોસ્પિટલને કાયમી મહિપરીએજ યોજનાનું પાણી મળી રહે તે અંગે તેમજ હોસ્પિટલના પ્રણેતા શ્રી નિર્દોષાનંદજી સરસ્વતી મહારાજને "પ્રજ્ઞવિભૂષણ" થી વિભૂષિત કરવામાં આવે તેવી મંત્રી નિમુબેન ધ્વારા જ દરખાસ્ત કરવા અંગે લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હતી.

## ૧૨ જૂન, ''બાળ-મજુરી વિરોધ દિવસ'' બાલવંદના એટલે ગોપાલવંદના

અમરેલી, તા. ૧૧

વર્ષ ૨૦૦૨માં બાળ-મજુરી અંગે જાગૃતિ લાવવાના ઉદેશથી વિ મજુર સંગઠન, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૨ જૂનનો દિવસ ''બાળ-મજુરી વિરોધ દિવસ'' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાળ-મજુરીએ વર્તમાન સમાજનું કલંક છે. તેનાથી લાખો-કરોડો બાળકોનું આપણે બાળપણ છીનવાઈ રહ્યું છે. કોઈ પણ બાળકને પુખ્ત થયા પહેલા બાળ-મજુરીમાં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, સાધારણ વિકાસ, રમત-ગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી જતા હોય છે. ભણવાની ઉંમરે બાળકો ઘરકામ, ચાની કીટલી કે હોટલમાં મજુરી, જોખમી ઔદ્યોગિક કામોમાં લાગી જતાં હોય છે. ખેતીકામ, ગૃહઉદ્યોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે. આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ-ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે અને વળી, બાળકીઓના કિસ્સાઓમાં નાની ઉમરમાં વેશ્યા-વૃત્તિ જેવા અતિ નિમ્ન કક્ષાનાં કાર્યો બળજબરીથી કરાવાય છે જે સમાજ માટે કલંક સમાન છે.



બાળમજૂરીને અટકાવવા માટે અનેક નીતિ નિયમો બનાવવમાં આવ્યા છે, પણ હજુ સુધી દેશમાં બાળ મજૂરી નાબુત થઈ શકી નથી. ''બાળ-મજૂરી વિરોધ દિવસ''એ ફકત ઔપચારિકતા ન રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું દરેક જાગૃત નાગરિકનું નૈતિક કર્તવ્ય છે. બાળમજૂરીને સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ, બાળમજૂરી વિરોધનાં કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ જેથી આ બાળમજૂરીનો વ્યવસાય ખતમ થઈ શકે. બાળકોનાં સારા ઉત્તમ ભવિષ્ય માટે શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ એટલું જ નહીં શિક્ષણ નાનામાં નાના વર્ગનાં લોકોનાં બાળકો સુધી પહોંચે તેવા પ્રયાસો સતત કરવા જોઈએ. જેથી લોકોમાં જાગૃતિ આવશે અને બાળમજૂરી સંપૂર્ણપણે બંધ થશે. બાળકો એ દેશનું ભવિષ્ય છે જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે.

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૬/૨૦૨૬

**અરજદારશ્રી :** શ્રી ઉલ્ફતબાનુ ઈરશાદહુશેન બુખારી, રહે. જુનાગઢ, તા.જિ. જુનાગઢ મો. ૭૪૨૮૪ ૪૩૭૭૧

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા. વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનીયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ઉલ્ફતબાનુ ઈરશાદહુશેન બુખારી**એ તેમના **નાનાભાઈ રાજનઅલી ગુલામહૈદર બુખારીનો જન્મ તા. ૦૩/૧૦/૧૯૫૪ ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૮/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ - વડીયા

### સાસંદ સુતરીયા અને ધારાસભ્ય કસવાલાએ

## લીલીયા મોટાનાં પૂંજાપાદર ખાતે ચાલતા જળસંચયની કામગીરીનુ કર્યુ નિરીક્ષણ

### સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



લીલીયા, તા. ૧૧

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે હાલ ચાલી રહેલા સરકારની સુજલામ સુફલામ યોજના અંતર્ગત થઈ રહેલ જળ સંચયના લોકઉપયોગી કામનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા માટે વિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સંયુકતપણે સ્થળ મુલાકાત લીધી હતી.

સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત પુંજાપાદર ખાતે નદી, નાળાને ઊંડા કરવાના તેમજ પાણીના સંગ્રહ માટે થઈ રહેલી કામગીરીની બંને મહાનુભાવોએ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આગામી ચોમાસામાં વધુમાં વધુ પાણીનો સંગ્રહ થાય અને ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવે તે હેતુથી વહીવટી તંત્ર અને સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહેલા આયોજનને તેમણે બિરદાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન સાંસદએ જણાવ્યું હતું કે, ''પાણી એ જ આપણું જીવન છે અને ગ્રામ્ય વિસ્તારમાં જળ સંચયના કામો થવાથી ખેડૂતો તેમજ પશુપાલકોને ઉનાળાના દિવસોમાં પણ પાણીની અછતનો સામનો કરવો નહીં પડે.'' જયારે ધારાસભ્યએ કામની ગુણવત્તા જળવાઈ રહે અને સમયસર કામગીરી પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા.આ તકે ગૌતમભાઈ વિછીયા, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ભનુભાઈ ડાભી, કેતન ઢાંકેચા, આનંદ ધાનાણી, રણજીતભાઈ ખુમાણ, રમેશભાઈ પરમાર, ભાસ્કરભાઈ પટેલ, કેપ્ટન, વિજય ગજેરા, વિશાલ ચૌધરી સહિત સ્થાનિક અગ્રણીઓ, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ''ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના''ના લાભાર્થીઓએ હયાતીની ખરાઈ કરવી

અમરેલી, તા. ૧૧

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓએ તા. ૩૧/૭/૨૦૨૬ સુધીમાં હયાતીની ખરાઈ ફરજિયાત ધોરણે કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ લાભાર્થીને દર મહિને રૂ. ૧,૨૫૦ની સહાય રકમ આપવામાં આવે છે. દરેક ગંગા સ્વરૂપા બહેન અચૂક હયાતીની ખરાઈ કરાવી લે તેમ જિલ્લા મહિલાઅને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સંકુલ KG થી ૧૦ પ્રવેશ ચાલુ
૬ થી ૧૦ ગર્લ્સ સ્કૂલ બપોર
૬ થી ૧૦ મિશ્ર સ્કૂલ સવાર
૬ થી ૧૦ EM સ્કૂલ સવાર
૬ - ૭ જ્ઞાનશક્તિ ગર્લ્સ સવાર
૧ થી ૫ કન્યા કુમાર સવાર
૧ થી ૫ કન્યા કુમાર બપોર
૧ થી ૫ EM સ્કૂલ સવાર
નર્સરી KG ૧-૨ GM સવાર
નર્સરી KG ૧-૨ GM બપોર
નર્સરી KG ૧-૨ EM સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad 107

# સાવરકુંડલા ખાતે ધારાસભ્ય કસવાલા દ્વારા જનસંપર્ક અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત અને સફળ ૧૨ વર્ષના કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે સારકુંડલા શહેરમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં વિવિધ જનસંપર્ક અને ધાર્મિક કાર્યક્રમોનું ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ અવસરે સાવરકુંડલા નવી શાકમાર્કેટ ખાતે નાના વેપારીઓ, શાકભાજી ફેરિયાઓ અને શ્રમિક વર્ગના લોકો સાથે મુલાકાત કરી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશે વિકાસ, સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ, મહિલા સશકિતકરણ, ખેડૂતોના ઉત્થાન અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેપારીઓ અને નાગરિકોને આત્મનિર્ભર અને સમૃધ્ધ ભારતના નિમાર્ણમાં સહભાગી બનવા આહવાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ શહેરના પવિત્રો હાટકેશ્વર મહાદેવ મંદિર મંદિર ખાતે વિશેષ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાઆરતી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા હોવાના ગૌરવપૂર્ણ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. સાથે જ તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને દેશસેવાના વધુ લાંબા કાર્યકાળ માટે ભગવાન મહાદેવ સમક્ષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષ સફળ નેતૃત્વને દેશના વિકાસ અને જનકલ્યાણ માટે ઐતિહાસીક ગણાવ્યું હતું અને આગામી સમયમાં પણ ભારત વિશ્વગુરૂ બનવાના માર્ગે વધુ ગતિથી આગળ વધે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.




## અમરેલીની રિધ્ધિ પડશાલાનું ૧ વર્ષ પહેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયેલ

# વિમાન દુર્ઘટનામાં મોતને ભેટેલ પુત્રીની માતા આજે પણ ચોધાર આંસુએ રડી રહી છે

### એક વર્ષનો સમય પસાર થયો છતાં હજુ સુધી દુર્ઘટના કયાં કારણોસર થઈ તેની હકીકતો સામે આવી નથી

### રિધ્ધિની માતા ગીતાબેન પડશાલા આજે દીકરીની યાદમાં સતત આંસુ સારી રહી છે

### જિલ્લામાં કુલ ૬ વ્યકિતઓ વિમાન દુર્ઘટનામાં મોતને ભેટયા હતા

### આવી ઘટના પૂનઃ કોઈ સાથે ન બને તેવી પ્રાર્થના સૌ કોઈ કરી રહ્યું

અમરેલી, તા. ૧૧

આજથી બરાબર એક વર્ષ પહેલા ગત ૧૨ જૂન ૨૫ ના રોજ અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફલાઈટ AI-૧૭૧ (બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર) ટેક ઓફ બાદ થોડી જ ક્ષણોમાં મેઘાણીનગર વિસ્તારમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજના હોસ્ટેલ પર તૂટી પડી હતી. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા. દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા હતા, જયારે એક મુસાફર જીવિત બચ્યો હતો. જમીન પર પણ અનેક લોકોના મોત થતાં કુલ મૃત્યુઆંક ૨૬૦થી વધુ પહોંચ્યો હતો. આ દુર્ઘટનાની તપાસ હજુ ચાલી રહી છે. આ ઘટનામાં અમરેલી જિલ્લાના ૬ જેટલા લોકોના પણ મૃત્યુ નિપજયા હતા.

આજથી બરાબર એક વર્ષ પહેલા થયેલી અમદાવાદની પ્લેન ક્રેશની ઘટનાએ અમરેલીમાં રહેતા એક પડસાલા પરિવારની ખુશી છીનવી લીધી હતી. આ દુર્ઘટનામાં પડસાલા પરિવારની લાડલી દીકરી રિધ્ધિનું મૃત્યુ થયું હતું. એ દુર્ઘટનાના એક વર્ષ બાદ પણ તેની મૃતક રિધ્ધિની માતાની આંખના આંસુ સુકાતા નથી અને તેઓ રડતા ચહેરે કહે છે. સરકાર બ્લેક બોકસનો ડેટા જાહેર કરી એ જણાવે કે આ વિમાન દુર્ઘટના કઈ રીતે થઈ ? અમારે કોઈ સહાય જોઈતી નથી પરંતુ દુર્ઘટનાનું સાચું કારણ જોઈએ છીએ અને આવું ફરીવાર કોઈ બીજા સાથે ન બને તેવું ઈચ્છીએ છીએ.

મૃતકની માતા ગીતાબેન પડસાલાએ દિવસે પોતાની પુત્રીને લંડન રવાના કરવા માટે પરિવાર સાથે અમદાવાદ એરપોર્ટ પર ગયા હતા. દીકરી રિધ્ધિ એરપોર્ટમાં ગયા બાદ પરિવાર પોતાની કાર લઈ પરત આવવા નીકળ્યો હતો. પરંતુ અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભરતાની સાથે જ પ્લેન ક્રેશ થયા બાદ



પરિવાર રસ્તામાં હતો ત્યાં જ દુર્ઘટનાના સમાચાર મળ્યા હતા.

ત્યારે જાણે માથે આસમાન તૂટી પડયું હતું. પાંચ દિવસની લાંબી રાહ બાદ ડીએનએ ટેસ્ટ પછી તેની પુત્રીનો મૃતદેહનો કબજો મળ્યો હતો. આ મૃતદેહને અમરેલી લાવી સમાજના લોકોની ઉપસ્થિતિમાં તેની અંતિમ વિધિ કરાઈ હતી.

માતા ગીતાબેન આ દર્દને અનુસંધાન પાના ૬ ઉપર




## વૈશ્વિકથી સ્થાનિક સ્તરે પત્રકારો પર વધતું દબાણ

# ખુલ્લી તલવારની ધાર પર પત્રકારત્વ : સત્તા અને શ્રધ્ધા સામે અરીસો ધરવાની કિંમત

### શુ ચોથો સ્તંભ માત્ર 'પોચું અને ગુલાબી' વલણ અપનાવે તેવું ઈચ્છતા સમર્થો

લોકશાહીમાં પત્રકારત્વને ચોથો સ્તંભ માનવામાં આવે છે, જેનું મુખ્ય કાર્ય સત્તાધીશો, ધર્માધિકારીઓ અને સમાજના સમર્થ મહાનુભાવોને જનતા વતી સવાલો પૂછીને વાસ્તવિકતાનો અરીસો બતાવવાનું છે. પરંતુ તાજેતરમાં બનેલી વૈશ્વિક અને સ્થાનિક ઘટનાઓ એક મોટો સવાલ ઊભો કરે છે. શું આજના સમયમાં નિષ્પક્ષ પત્રકારત્વ એ ખુલ્લી તલવારની ધાર પર ચાલવા જેવો વ્યવસાય બની ગયો છે ?

''તાજેતરમાં એક લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન બનેલી ઘટનાએ વૈશ્વિક સ્તરે ચર્ચા જગાવી છે. એક મહિલા પત્રકારે અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પને તેમની પસંદ ન પડે તેવો આકરો સવાલ પૂછતાં જ ટ્રમ્પ સાહેબનો મિજાજ સાતમા આસમાને પહોંચી ગયો હતો. ગુસ્સામાં લાલચોળ થઈને તેમણે અન્ય મીડિયા નેટવર્કને 'મૂર્ખ અને અપ્રમાણિક' ગણાવ્યા એટલું જ નહીં, પરંતુ માઈક ફેંકીને લાઈવ સ્ટુડિયોની બહાર નીકળી ગયા. આ ઘટના દર્શાવે છે કે '' વૈશ્વિક નેતાઓ પણ કડવી વાસ્તવિકતાનો સામનો કરવા તૈયાર નથી હોતા'' આવી જ એક ઘટના નોર્વે ખાતે પણ જોવા મળી, જયાં એક મહિલા પત્રકારના અણગમતા પ્રશ્ન પર '' ભારતના પ્રધાનમંત્રીએ મેન સેવી લેવાનું મુનાસિબ માન્યું અને તેઓ નિરૂત્તર રહ્યા.''બીજી તરફ, પત્રકારોને માત્ર રાજકીય જ નહીં પણ સામાજિક અને ધાર્મિક સ્તરે પણ ભારે આક્રોશનો સામનો કરવો પડે છે. રાજકોટ ખાતે આયોજિત પ.પૂ.ધીરેન્દ્ર બ્રહ્મચારીની કથામાં જયારે 'એક પત્રકાર ચમત્કાર અને અંધશ્રદ્ધાનું ગ્રાઉન્ડ કવરેજ કરી રહ્યા હતા, ત્યારે ધૂણતી એક મહિલાએ પત્રકારને તમાચો મારવાનો પ્રયાસ કર્યો હતો.આ ઘટના સ્પષ્ટ કરે છે કે 'સત્ય અને વાસ્તવિકતાના અંતિમ બિંદુ સુધી પહોંચવાનો પ્રયત્ન કરનાર પત્રકારો આજે શારીરિક અને માનસિક રીતે કેટલા અસુરક્ષિત છે.

જયારે પણ કોઈ પત્રકાર નિષ્પક્ષતા અને તટસ્થતા જાળવીને કડવા કે અણગમતા સવાલો પૂછે છે, ત્યારે સવાલોના ઘેરાવમાં આવેલી વ્યતિ અવાર નવાર લૂલો બચાવ કરે છે. પત્રકારોને કાં તો 'મૂર્ખ જાહેર કરવામાં આવે છે અથવા તો તેમને 'વિરોધી પાર્ટીના સમર્થક ચીતરીને તેમનું મોરલ (મનોબળ) તોડવાનો સભાન પ્રયાસ પણ થાય છે. ' આ નારાજગી વહોરવાના કારણે દેશના અનેક નીડર પત્રકારોએ પોતાની ઉજ્જવળ કારકિર્દી પણ રોળી નાખવી પડી છે.

' પત્રકારત્વમાં જો સમર્થોની નારાજગી વહોરીને પણ સાચું અને સ્પષ્ટ પ્રતિબિંબ બતાવવાની હિંમત ન હોય, તો આ વ્યવસાયમાં ન પડવું જ બહેતર છે.અહીં મૂળભૂત પ્રશ્નએ થાય છે કે શું પત્રકારોએ માત્ર સમર્થ મહાનુભાવોને ગમે તેવા 'પોચા – પોચા અને 'ગુલાબી અવાસ્તવિક વલણવાળા સવાલો જ પૂછવા જોઈએ ?' પત્રકારત્વનો ધર્મ લોલીપોપ આપવાનો નથી, પરંતુ સત્યને ઉજાગર કરવાનો છે.

જો પત્રકાર માત્ર સત્તાધીશોની પસંદગીને ધ્યાનમાં રાખીને પ્રશ્નો પૂછશે, તો લોકશાહીનો આ ચોથો સ્તંભ માત્ર એક પ્રચાર માધ્યમ બનીને રહી જશે. પત્રકારત્વ એક અરીસો છે, અને અરીસાનું કામ ચહેરો ગમે તેવો હોય, તેને સાચો જ બતાવવાનું છે.

આ કપરા સમયમાં સમાજની પણ એક મોટી જવાબદારી બને છે. જે પત્રકારો પોતાનો જીવ અને કારકિર્દી જોખમમાં મૂકીને સત્તા અને શ્રદ્ધા સામે નતમસ્ત થયા વિના સત્ય સામે લાવે છે, સમાજે તેમને એકલવાયા છોડવા ન જોઈએ. જે આદર સમાજમાં એક નિષ્પક્ષ ગુરૂને મળે છે, તેવો જ આદર અને સાથ આવા નીડર પત્રકારોને મળવો જોઈએ, 'જેથી દેશમાં ચોથો સ્તંભ મજબૂત રહી શકે અને લોકશાહી જીવંત રહે.

**– પત્રકાર બિપીનભાઈ પાંધી.**
**સાવરકુંડલા**

## અમરેલીનાં હનુમાન મંદિરમાંથી રૂપિયા 3 હજારની ચોરી થતાં ફરિયાદ

અમરેલી, તા. ૧૧

આપણે ત્યાં એક કહેવત છે કે, 'દેવ અને દેરા મુકી હનુમાનજીની હડફેટે ના ચડાય' તેમ છતાં પણ કેટલાંક ચોર શખ્સો હનુમાનજી મંદિરમાં ઘુસી ચોરી કરતાં ખચકાતાં નથી. ત્યારે અમરેલીમાં આવેલ એક હનુમાનજી મંદિરમાં ચોરી કરી રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અમરેલીમાં આવેલ માંગા હનુમાનજી મંદિરમાં રાખવામાં આવેલ દાનપેટીમાં આશરે રૂપિયા ૩૦૦૦ જેટલી રકમ હોય. ત્યારે ગત તા. ૯ના સાંજના સાત વાગ્યાથી તા. ૧૦ના સવારના સાત વાગ્યા સુધીના રાત્રી દરમ્યાન કોઈપણ સમયે અજાણ્યો ચોર ઈસમ હનુમાનજી મંદિરનુ તાળુ તોડી મંદિરની દાનપેટી તથા તેમા રહેલ આશરે રૂા. ૩૦૦૦ રોકડ રકમ દાનપેટી સાથે કોઈ ઈસમ ચોરી કરી લઈ ગયાની અમરેલી સિટી પોલીસમાં દેવાભાઈ માંગાભાઈ જાપડાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જાગૃત નાગરિક કરશનભાઈ નાનાણીની રજુઆત

## નવા ખીજડીયામાં મોક્ષરથનું લોકાર્પણ થતું નથી ને અચાનક ટ્રેક્ટર ટ્રોલી પ્રગટ થઈ

### જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવવામાં આવ્યો



અમરેલી, તા. ૧૧

અમરેલીનાં નવા ખીજડીયા ગામે મોક્ષરથને લઈને દિ'ઉગેને અવનવા ખુલાશાઓ થઈ રહ્યા છે.

આજે ગામનાં જાગૃત નાગરિક કરશનભાઈ નાનાણીએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, નવા ખીજડીયા ગામે વર્ષ ૨૦૨૧/૨૨ ના ૧૫મું અનુસંધાન પાના ૬ ઉપર

### પી.આઈ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ

## અમરેલી એલસીબીએ મંદિર ચોરીનાં ૪ ગુન્હાનો ભેદ ઉકેલ્યો

### ૨ ઈસમોની રૂપિયા ૫૧૪૨૫નાં મુદ્દામાલ સાથે અટકાયત

અમરેલી, તા. ૧૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી, નાગનાથ મંદીરની પાછળ, આદિત્ય એપાર્ટમેન્ટમાં રહેતા હિરેન ધીરૂભાઈ માલવી તથા અમરેલીના મીની કસ્બા શેરી નં. ૨, માં રહેતા મહેબુબ ઉર્ફે લાંબો ઈકબાલભાઈ વાઘેલા બે શકમદ ઈસમોને રોકડ રકમ તથા મોટર સાયકલ સાથે પકડી પાડી, પકડાયેલ બન્ને ઈસમોની સઘન પુછપરછ કરતા અમરેલીમાં માંગા હનુમાન મંદિર સહિત અલગ અલગ ચાર જગ્યાએ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા



બંને આરોપીને રોકડા રૂ.૧,૪૦૫ તથા એક પીળા હાથાનું પક્કડ તથા એક સુઝુકી એકસેસ મોટર સાયકલ જેના રજી. નં. જી.જે. ૧૪-બીએફ-૫૧૭૩ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૧,૪૨૫ના મુદ્દામાલ સાથે અટક કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશન મંદિર ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં કરવામાં અનુસંધાન પાના ૬ ઉપર

### પીડિત પરિવારની સતત રજુઆતો બાદ

## ધારીનાં ગોપાલગ્રામનાં દલિત યુવકનાં મૃત્યુ કેસમાં SITની રચના કરવાની ખાત્રી

### દલિત સમાજ દ્વારા આંદોલન સ્થગિત કરાયુ

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના ગોપાલગ્રામના યુવાન મહેશ પ્રેમજીભાઈ રાઠોડના મૃત્યુ મામલે યોગ્ય, નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ સાથે પીડિત પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા ચલાવવામાં આવેલ સંઘર્ષે પ્રથમ સફળતા મેળવી છે.

પીડિત પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા સતત રજૂઆતો, રેલીઓ, વિરોધ કાર્યક્રમો અને લોકશાહી આંદોલનોના પરિણામે પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. પોલીસ દ્વારા લેખિતમાં ખાતરી આપવામાં આવી છે કે આગામી ત્રણ દિવસમાં SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની રચના કરવામાં અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)